# આત્મધર્મ

માસિક : વર્ષ-૧ * અંક-૬ * ફેબ્રુઆરી, ૨૦૦૭



જ્ઞાનની પર્યાયનું સ્વરૂપ જ એવું છે કે પરસંબંધીનું પોતાનું જ્ઞાન અને સ્વસંબંધીનું પોતાનું જ્ઞાન એમ એકરૂપતાને પોતે જાણે છે. અરે! પર્યાયને જાણવું એ પણ વ્યવહાર છે. —પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ આત્મા સર્વજ્ઞસ્વરૂપ હૈ તથા રાગદ્વેષાદિ વ કર્માદિ રહિત શુદ્ધ હૈ. ભવ્યજીવ ઈસીકા સાધન કરતે હૈં. જિસને આત્મજ્ઞાન રહિત વ્રત પાલે, ચારિત્ર પાલા ઉસને મિથ્યા આત્માકા હી સેવન કિયા, મિથ્યા આગમકો હી જાના. ૯૫૩.

*(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૧૧૪)*

❀ સ્વયં (-પોતાથી જ) ઊપજતું, સમંત (અર્થાત્ સર્વપ્રદેશેથી જાણતું), અનંત પદાર્થોમાં વિસ્તૃત; વિમળ અને અવગ્રહાદિથી રહિત—એવું એકાંતિક સુખ છે એમ (સર્વજ્ઞદેવે) કહ્યું છે. ૯૫૪.

*(શ્રી કુંદકુંદાચાર્ય, પ્રવચનસાર, ગાથા-૫૯)*

❀ હે શ્રીમદ્ જિનેન્દ્રદેવ! અતીન્દ્રિય સુખ (મોક્ષસુખ) આપનાર આપના ચરણ યુગલનું હું શરણ પ્રાપ્ત કરી ચૂક્યો છું, માટે હું ધન્ય છું, પુણ્યનું સ્થાન છું, આકુળતા રહિત છું, શાંત છું, વિપત્તિઓ રહિત છું અને જ્ઞાતા પણ છું. ૯૫૫.

*(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, ક્રિયાકાંડ ચૂલિકા, શ્લોક-૯)*

❀ સંયમી જીવોને મનમાં, અસંયમી (અજ્ઞાની) જનોને દેખીને ઘણો સંતાપ થાય છે કે અરેરે! જુઓ તો ખરા, સંસારરૂપી કૂવામાં ડૂબવા છતાં આ જીવો કેમ નાચી રહ્યા છે! ૯૫૬.

*(આચાર્ય ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંત રત્નમાળા, શ્લોક-૯)*

❀ જે સાધુ એકાંત નિવાસને એક અદ્વિતીય ચક્રવર્તીપણા સમાન લેખે છે, શરીરના વિનાશને મનોવાંછિત લાભ મને છે, લાભાંતરાયાદિ ઘાતીકર્મોના ક્ષયોપશમજન્ય સુખના ઉદયને મોક્ષના વિઘાતરૂપ પરમ દુઃખ સમજે છે અને તેના પરિહારને જ જે સુખ શ્રદ્ધે છે, દુઃખી જીવોને દુઃખ-પરિહાર પ્રસંગે આવી પડનારા દેહત્યાગ જેવા વિકટ પ્રસંગને સર્વસ્વ ત્યાગરૂપ મહોત્સવ માને છે, તેને આ ત્રિભુવનમાં ક્યો પદાર્થ કે પ્રસંગ સુખના હેતુરૂપ ન થાય? ૯૫૭.

*(શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, ગાથા-૨૫૬)*

❀ અંતરાત્મા આત્મજ્ઞાનથી ભિન્ન કોઈ કાર્યને લાંબા સમય સુધી પોતાની બુદ્ધિમાં ધારણ કરે નહિ. જો પ્રયોજનવશાત્ વચન-કાયથી કંઈ પણ કરવાનો વિકલ્પ કરે તો તે અનાસક્તપણે કરે. ૯૫૮.

*(શ્રી પૂજ્યપાદસ્વામી, સમાધિતંત્ર, ગાથા-૫૦)*

❀ વિચાર છે તે તો ઉપયોગને આધીન છે. જ્યાં ઉપયોગ જોડાય તેનો જ વિચાર થાય. પણ શ્રદ્ધાન છે તે તો પ્રતીતિરૂપ છે માટે અન્ય જ્ઞેયનો વિચાર થતાં વા શયનાદિ ક્રિયા થતાં તત્ત્વોનો વિચાર નથી તોપણ તેની પ્રતીતિ તો કાયમ જ રહે છે, નષ્ટ થતી નથી.

*(શ્રી ટોડરમલ્લજી, મોક્ષમાર્ગ પ્રકાશક, અધિ.-૯, પાનું-૩૨૨)*

❀

વર્ષ-૧
અંક-૬




સંવત
૨૦૬૩
February
A.D. 2007

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર


# જાણનાર જ જણાય છે! ખરેખર પર જણાતું જ નથી!!

(શ્રી સમયસાર-કળશ, કલશ-૧૯૨ ઉપરના પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનમાંથી)

આ, શ્રી કળશટીકા શાસ્ત્ર છે. તેમાં મોક્ષ અધિકારનો ૧૯૨મો કળશ ચાલે છે.

एतत् पूर्णं ज्ञानं ज्वलितम्..... આ જે આત્મા છે એ તો પૂર્ણ જ્ઞાનાનંદ સહજાનંદ સ્વરૂપ છે. મોક્ષ એ તો આત્માનો અતીન્દ્રિય શુદ્ધ પરિણામ છે; તો એનું કારણ પણ અતીન્દ્રિય શુદ્ધ પરિણામ હોવું જોઈએ. જેમ, લીંડીપીપરમાં ૬૪ પહોરી તીખાશ હતી તે પ્રગટ થઈ છે-પ્રાપ્તની પ્રાપ્તિ છે-તેમ, ભગવાન આત્મા જેવો હતો તેવો પ્રગટ થયો છે.

ભગવાન આત્મા આ શરીર જે જડ-માટી-ધૂળ છે તેને જાણનાર છે. પોતાના જ્ઞાનની જે વર્તમાન પર્યાય છે એ જ્ઞાનની પર્યાય પરને જાણે છે એમ કહેવું એ તો અસદ્ભૂત વ્યવહારનયનું કથન છે. ખરેખર તો પોતાના જ્ઞાનની પર્યાયમાં પોતાનું જ્ઞાન જણાય છે તે નિશ્ચય છે, પર જણાય છે એ તો વ્યવહાર છે. જરા સૂક્ષ્મ છે. આહાહા!

ખરેખર તો જ્ઞાનની વર્તમાન પર્યાયમાં પર જણાતું જ નથી, એ તો પોતાના જ્ઞાનની વર્તમાન અવસ્થાની તાકાત જણાય છે. ભાઈ! ધર્મ ખૂબ સૂક્ષ્મ વસ્તુ છે. લોકોએ બહારથી દયા, દાન, વ્રત, ભક્તિ આદિમાં ધર્મની કલ્પના કરી છે તો એ કોઈ ધર્મ નથી. ધર્મ તો અંતરની કોઈ અપૂર્વ ચીજ છે. કહે છે કે પોતાના જ્ઞાનની વર્તમાન દશામાં આ બધું પર જણાય છે એમ કહેવું એ તો વ્યવહાર છે; નિશ્ચયથી તો પોતાના જ્ઞાનની જાણવાની પર્યાય પોતાનાથી પ્રગટ થાય છે તેને જ જાણે છે. કારણ કે જેને તન્મય થઈને જાણે તેને

જાણ્યું કહેવાય; પરનું જાણવું જે કહેવાય છે તેને જ્ઞાન તન્મય થઈને તો જાણતું નથી. ઝીણી વાતો છે! આહાહા!

આત્મદ્રવ્ય જેવું હતું તેવું પ્રગટ થયું એમ કહ્યું ત્યાં એમ કહેવું છે કે તેની વર્તમાન પર્યાયમાં જ્ઞાનની દશા પરને ખરેખર જાણતી નથી કારણ કે પરમાં તન્મય નથી. ખરેખર તો પર સંબંધીનું જ્ઞાન પોતાની પર્યાયમાં પાતાથી પ્રગટ થયું તેને જાણે છે. નિશ્ચયથી તો એક સમયની જ્ઞાનની પર્યાય તે જ્ઞાનની પર્યાયને જ જાણે છે. આહાહા! આ પણ હજી પર્યાયબુદ્ધિ થઈ.

ત્રિલોકીનાથ પરમાત્મા ક્યાંથી થયા?–કે અંદરમાં છે તેમાંથી પ્રગટ થયા છે. જ્ઞાનની જે એક સમયની વર્તમાન પર્યાય છે તે પરને નથી જાણતી; એ વર્તમાન પર્યાય પોતાની પર્યાયમાં જ તન્મય છે તો તેને જાણે છે. હવે, તે એક સમયની પર્યાય પોતે પોતાને જ જાણે છે ત્યાં સુધી તો જીવની પર્યાયબુદ્ધિ-અંશબુદ્ધિ થઈ. આહાહા! આમાં વળી પરને જાણે છે એ તો ક્યાંય રહી ગયું. સમજાણું કાંઈ? ભાઈ! ત્રિલોકીનાથ જિનેશ્વરદેવ વીતરાગ પરમાત્માએ જે ધર્મ કહ્યો એ કોઈ અલૌકિક ચીજ છે. એ વિના જન્મ-મરણનો અંત ક્યારેય આવ્યો નથી.

અહીં મોક્ષની વાત ચાલે છે. પહેલાં જેવો છે તેવો વર્તમાન પર્યાયમાં જાણવામાં આવે ત્યારે તો હજી સમ્યગ્દર્શન થાય છે. અંદર ભગવાન આત્મા જે છે એ તો સત્‌ શાશ્વત જ્ઞાન અને આનંદનો ભંડાર જે હતો–છે તેને પ્રથમ પર્યાયમાં જાણવામાં આવ્યો. મોક્ષ છે તે અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન આદિ શાંતિથી પૂર્ણ શુદ્ધ છે અને સંસાર છે તે વિકાર દશાથી પરિપૂર્ણ વિકારી છે.

ઝીણી વાત છે, ભગવાન! અનંતકાળથી ચોરાસીના અવતાર કરતાં કરતાં રખડીને મરી ગયો છે. કીડા, કાગડા, કૂતરા એવા અનંત ભવ કર્યાં છે. ચોરાસી લાખ યોનિમાં એક એક યોનિમાં અનંત ભવ કર્યાં તોપણ એને થાક લાગ્યો નથી. જોતો નથી કે હું કોણ છું? આહાહા!

અહીં કહે છે કે એક સમયની જ્ઞાનની વર્તમાન પર્યાયમાં પર જણાતું નથી કારણ કે પરમાં તન્મય થતો નથી. કેવળજ્ઞાની લોકાલોકને જાણે છે એમ કહેવું એ પણ અસદ્‌ભૂત વ્યવહારનયનું કથન છે. એક સમયની જ્ઞાનની વર્તમાન પર્યાય પરરૂપે ન થતાં–તેમાં તન્મય ન થતાં પોતાની પર્યાયરૂપે–પોતાની પર્યાયમાં જ તન્મય થાય છે માટે પોતાને જ જાણે છે.

જ્ઞાની હો કે અજ્ઞાની પોતાના જ્ઞાનની વર્તમાન પર્યાયમાં પરને તન્મય થઈને જાણતા નથી; તે પર સંબંધીનું પોતાનું જ્ઞાન પોતામાં તન્મય થઈને જાણે છે તેથી પર્યાય પર્યાયને જ જાણે છે. અહીં તો એનાથી પણ આગળ લઈ જાવું છે. આહાહા! મનુષ્યપણું મળ્યું પણ જો આ તત્ત્વ-આત્મતત્ત્વ-આત્મજ્ઞાન શું ચીજ છે તેની ઓળખ ન કરી તો ચાર ગતિમાં દુ:ખી થઈને રખડશે. આહાહા!

જેવો સ્વભાવમાં હતો એવી વર્તમાન પર્યાય પ્રગટ કરી એ મોક્ષ છે. કેવો છે?–કે પૂર્ણ જ્ઞાન, પૂર્ણ શાંતિ, પૂર્ણ આનંદ, પૂર્ણ સ્વચ્છતાથી ભરપૂર ભગવાન જેવો હતો તેવો જ છે.

વર્તમાન જ્ઞાનની પર્યાયમાં પરને જાણવામાં પર્યાયની જે તાકાત માની છે તેને બદલે તે પર્યાયમાં સ્વને જાણવાની તાકાત છે એમ જાણીને તે પર્યાય સ્વને–ત્રિકાળીને જાણે ત્યારે તેને મોક્ષમાર્ગની પર્યાય પ્રગટ થાય. પૂર્ણ શુદ્ધપર્યાય આત્માની પૂર્ણ શુદ્ધ દશા છે તો શુદ્ધ પરિણામનું કારણ પણ આત્માનું શુદ્ધ પરિણામ જ હોવું જોઈએ. સમજાણું કાંઈ? હોવું જોઈએ એટલે એમ જ છે.

વર્તમાન પર્યાયમાં, અંદરમાં જેવો હતો એવી પ્રતીતિ અનુભવમાં આવી ત્યારે તેને મોક્ષનો માર્ગ પ્રગટ થાય છે. મોક્ષ જે પૂર્ણ શુદ્ધ દશા છે, પૂર્ણ પવિત્ર અનંત આનંદની દશા છે તેનું કારણ અંદર જે અપૂર્ણ શુદ્ધ પરિણામ છે તે છે.

જેમ, કાચો ચણો શેકાયા પછી પાકો થઈ ગયો, પછી ફરીને તે ચણો વાવવાથી ઉગે નહીં તેમ, ભગવાન આત્મા, પોતાનામાં રહેલાં અજ્ઞાનનો નાશ કરવાથી પૂર્ણ શુદ્ધ પર્યાય પ્રગટ થઈ તે, હવે ફરી સંસારમાં જન્મ ધારણ કરતો નથી. અવતાર-જન્મ ધારણ કરવો એ તો આત્માને કલંક છે.

પર્યાયમાં આત્મદ્રવ્ય જેવું છે તેવી શ્રદ્ધા થવાથી મોક્ષનો માર્ગ શરૂ થાય છે. કેવું છે આત્મતત્ત્વ? ત્રિકાળ એકરૂપ છે. ક્યારેય જેની ઉત્પત્તિ નથી અને ક્યારેય જેનો નાશ નથી, અનંત ગુણોનો ધરનાર છે—એવા ત્રિકાળીનો જ્યારે પૂર્ણ આશ્રય થાય ત્યારે કેવળજ્ઞાન ને પૂર્ણ મોક્ષદશા પ્રગટ થાય છે.

# બધા જીવો પરમબ્રહ્મ પરમાત્મા છે

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૩૭)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. તેમાં બીજા અધિકારની ૯૩મી ગાથામાં યોગીન્દ્રદેવ કહે છે કે જે બાહ્ય-અભ્યંતર પરિગ્રહથી પોતાને મહંત માને છે તે પરમાર્થને જાણતાં જ નથી.

अप्पउ मुण्णइ जो जि मुणि गरुयउ गंथहि तत्थु।
सो परमत्थे जिणु भवइ णवि बुज्झइ परमत्थु॥९३॥

અર્થ :—જે મુનિ બાહ્ય પરિગ્રથી પોતાને મુનિ માને છે અર્થાત્ પરિગ્રહથી જ ગૌરવ માને છે નિશ્ચયથી તે પુરુષ વાસ્તવમાં પરમાર્થને જાણતાં નથી એમ જિનેન્દ્રદેવ કહે છે.

ભગવાન ત્રિલોકીનાથ પરમાત્મા એમ કહે છે કે જેને પોતાના આનંદસ્વભાવનું ભાન નથી તે જ શુભરાગનું, શિષ્ય આદિનું, ગ્રંથ રચના આદિ, શબ્દશાસ્ત્ર આદિનું અભિમાન કરે છે અર્થાત્ તેનાથી પોતાની મોટાઈ માને છે અને જે મુનિને વિશેષ શાસ્ત્રજ્ઞાન આદિ નથી, શિષ્ય નથી એવી પરિગ્રહની હિનતાથી પોતાને હીન માને છે તે મુનિ પણ મિથ્યાદૃષ્ટિ છે. કારણ કે શુભરાગ, શિષ્ય આદિ તો બાહ્ય પરિગ્રહ છે તેનાથી પોતાની મોટાઈ પણ નથી અને હીનતા પણ નથી. પોતાના પરમસ્વરૂપ ભગવાનને નહિ જાણતો હોવાથી તેને બાહ્યપરિગ્રહથી મોટાઈ કે હીનતા મનાય છે.

ભાવાર્થ :—નિર્દોષ પરમાત્માથી પરાઙ્મુખ જે પૂર્વસૂત્રમાં કહેવાઈ ગેયેલા સચિત્ત, અચિત્ત અને મિશ્ર પરિગ્રહ છે તેનાથી પોતાને મહંત માને છે કે હું બહુ ભણેલો છું એવું જેને અભિમાન છે તે મુનિ પરમાર્થ અર્થાત્ વીતરાગ પરમાનંદસ્વભાવ નિજ આત્માને જાણતાં નથી–આત્મજ્ઞાનથી રહિત છે એમ નિઃસંદેહ જાણો.

નિર્દોષ પરમાત્મા એટલે જીવનું પોતાનું નિજસ્વરૂપ કે જે પરમસ્વરૂપ જ્ઞાયકભાવ સ્વભાવરૂપ મહાન પદાર્થ છે તેનાથી આ બધો પરિગ્રહ વિપરીત છે. સચિત્ત પરિગ્રહ શિષ્યાદિ, અચિત્ત પરિગ્રહ કમંડલ પીંછી આદિ અને મિશ્ર પરિગ્રહ ગુણસ્થાન, માર્ગણાસ્થાન આદિનો વિચાર એ પણ વિકલ્પ છે; તેનાથી પોતાને મહાન માને છે કે હું તો ગુણસ્થાન,

માર્ગણાસ્થાન આદિનો બહુ વિચાર કરું છું. પ્રભુ! એ તો વિકલ્પ છે તેનાથી પોતાની મહાનતા માનવી એ વીતરાગ ચિદાનંદ નિજસ્વભાવને હીન માનવા જેવી વાત છે.

પરમાત્મા એટલે પરમ + આત્મા = પરમસ્વરૂપ વીતરાગ જ્ઞાયકભાવ એવો નિર્દોષ ભગવાન આત્મા સ્વયં પરમાત્મસ્વરૂપ છે, તેનાથી ઉલટાં જે રાગાદિભાવ છે તે તો સચિત્ત પરિગ્રહ છે, તેનાથી પોતાની મહાનતા નથી છતાં જે મુનિ શુભરાગ અને ગુણસ્થાન આદિના વિચાર વડે પોતાની અધિકતા માને છે તે વિકલ્પ અને ભેદવિચાર રહિત પોતાના સ્વરૂપને જાણતાં નથી. શબ્દાર્થમાં ઓછું લખ્યું છે પણ ટીકામાં વિશેષ લખ્યું છે કે ग्रंथरचनारूप शब्द शास्त्रैर्वा आत्मानं महान्तं मन्यते......શાસ્ત્રની રચના, શાસ્ત્રનું વ્યાખ્યાન, શાસ્ત્રની સ્વાધ્યાય હું બહું કરું છું તેનાથી જ મારી મોટાઈ છે એમ માને છે તેણે શાસ્ત્રરચના અને વિકલ્પ આદિથી ભિન્ન પોતાના પરમાર્થસ્વરૂપને જાણ્યું જ નથી એમ જિનેશ્વરદેવ કહે છે.

પૂર્ણ કેવળજ્ઞાન, કેવળદર્શન, આનંદ આદિ પૂર્ણસ્વભાવ સંપન્ન ભગવાન આત્માની અધિકતા જેની દૃષ્ટિમાં આવી છે તેને શાસ્ત્ર રચના આદિની અધિકતા લાગતી નથી. શાસ્ત્રરચના, સ્વાધ્યાય, પ્રવચન આદિનો વિકલ્પ આવે છતાં તેને પુણ્યબંધનું કારણ જાણે છે, અબંધ સ્વરૂપી ભગવાન આત્માને વિકલ્પ ઉઠવો એ તો કલંક છે એમ માને છે.

આવા કલંકરૂપી ભાવોથી જે પોતાની અધિકતા માને છે તેને નિષ્કલંક ભગવાન આત્માનું જ્ઞાન જ નથી. મેં બહુ શાસ્ત્રો વાંચ્યા છે, શાસ્ત્રની વાંચણીમાં પણ હું બહુ હોશિયાર છું.....એમ પોતાની અધિકતા બેદે છે, શાસ્ત્રમાં આત્માના ગાણા ગાય છે પણ વાસ્તવમાં એ વિકલ્પના ગાણા ગાય છે–રાગ ને પરના ગાણા ગાય છે કેમ કે શાસ્ત્રરચના, ભાષાં, વ્યાખ્યાન આદિ બધું વિકલ્પાત્મક છે અને જડ છે, તેનાથી પોતાની મોટાઈ કેવી? શાસ્ત્ર આદિ તો બનવાકાળે સ્વયં બન્યા છે તે કોઈ જ્ઞાની કે અજ્ઞાનીથી બન્યા નથી. ત્રણકાળમાં કોઈ જીવ જડની રચના કરી શકતો નથી.

જ્ઞાનસ્વરૂપી પ્રભુને વિકલ્પ ઉઠે તે કાંઈ તેનું સ્વરૂપ નથી. પ્રવચનસારમાં અમૃતચંદ્રાચાર્યદેવે છેલ્લા શ્લોકમાં કહ્યું છે કે ખરેખર પુદ્‌ગલો જ સ્વયં શાસ્ત્રના શબ્દોરૂપે પરિણમે છે, તેને આત્મા પરિણમાવી શકતો નથી. 'व्याख्येयम्.....' માટે આ શાસ્ત્રની રચના અમૃતચંદ્રસૂરિએ કરી છે એમ મોહથી જગતજનો! તમે નાચશો નહિ. આત્મા સહિત આખું વિશ્વ વ્યાખ્યેય એટલે સમજાવવા યોગ્ય છે, વાણીની ગૂંથણી તે વ્યાખ્યા છે અને અમૃતચંદ્રસૂરિ તેના વ્યાખ્યાતા છે એમ મોહથી તમે પણ ન નાચો! પુદ્‌ગલ સ્વયં શબ્દરૂપે

પરિણમે છે છે તેને આત્મા કેમ પરિણમાવે! ખરેખર સર્વ પદાર્થો સ્વયં જ્ઞેયપણે-પ્રમેયપણે હોય છે, શબ્દો તેને જ્ઞેય બનાવી સમજાવી શકતા નથી. માટે, હે જગતજનો! આ શાસ્ત્રની વ્યાખ્યા મેં કરી છે, વાણીની ગૂંથણી મેં કરી છે અને તેનાથી જીવો સમજે છે એમ મોહથી-ભ્રમણાથી તમે ન નાચો...ન ફુલાઓ. જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા વિકલ્પમાં કે વાણીમાં આવ્યો જ નથી તો તેની રચના શી રીતે કરે! સ્યાદ્વાદવિદ્યાના બળ વડે એટલે કે હું મારા સ્વભાવમાં છું, સ્વભાવમાં વિભાવ નથી, વાણીમાં રાગ નથી અને રાગમાં વાણી નથી, મારામાં વાણી નથી-એવી સ્યાદ્વાદવિદ્યાના બળથી વિશુદ્ધજ્ઞાનની કળા વડે એક શાશ્વત જ્ઞાયક આત્માને પોતાની જ્ઞાનપર્યાયમાં જ્ઞેય બનાવીને આજે જ અવ્યાકુળપણે નાચો-અવ્યાકુળપણે પરિણમો! મેં શાસ્ત્ર બનાવ્યું છે અને મેં વ્યાખ્યાન કર્યું તેથી તમે સમજ્યા એમ માનીને ન નાચો!

ભગવાન જ્ઞાનસ્વરૂપ પ્રભુ વિકલ્પમાં ક્યાંથી આવે! આસ્રવમાં જ્ઞાનસ્વરૂપ પ્રભુ ન આવે તો વાણીમાં તો ક્યાંથી આવે! શબ્દની પર્યાયમાં આત્મા ક્યાં છે! શબ્દની સત્તા અને આત્માની સત્તા જ જુદી છે. ભગવાન પરમસ્વરૂપ પ્રભુ એક સમયની પોતાની પર્યાયથી પણ અધિક છે એવી દૃષ્ટિમાં પોતાની મોટાઈ છે. ક્ષયોપશમજ્ઞાન ઘણું હોય તેનાથી પણ પોતાની મોટાઈ નથી. ક્ષયોપશમ તો એક સમયની અવસ્થા છે તેની મોટાઈ કેવી! એક સમયમાં પરિપૂર્ણ જ્ઞાનસમુદ્ર ચૈતન્યરત્નાકરમાં અનંત જ્ઞાનનો રસ ભર્યો પડ્યો છે એવી દૃષ્ટિ થઈ ત્યાં પરનું, રાગનું કે ક્ષયોપશમનું અભિમાન ક્યાંથી થાય! અને જો અભિમાન થતું હોય તો તેણે પરમાર્થને જાણ્યો જ નથી.

કેવળજ્ઞાનની એક પર્યાયમાં સમસ્ત લોકાલોક જાણવામાં આવી જાય છે, એવી અનંત પર્યાયનો સમુદાય એવો એક જ્ઞાનગુણ છે. એક સમયમાં ત્રણકાળ ત્રણલોકમાં રહેલા છ દ્રવ્યોની શ્રદ્ધા કરી લે એવી એક શ્રદ્ધાપર્યાયની તાકાત છે, એવી અનંતી શ્રદ્ધાપર્યાયનો પિંડ, એક શ્રદ્ધાગુણ છે. એક સમયમાં બેહદ અનાકુળ સ્થિરતારૂપે પરિણમવાની એક ચારિત્રપર્યાયની તાકાત છે, એવી અનંતી ચારિત્રપર્યાયનો પિંડ એક ચારિત્રગુણ છે. આવા અનંત ગુણોનો પિંડ ભગવાન આત્મા જેની પ્રતીતિમાં આવ્યો છે તેને અલ્પજ્ઞાનની, રાગની કે પરવસ્તુઓની મહિમા કેમ આવે! મોટાઈ કેમ લાગે!

પરમાત્મપ્રકાશ છે ને! પરમસ્વરૂપ ભગવાનની દૃષ્ટિથી જેનો જ્ઞાનપ્રકાશ પ્રગટ થયો છે તેની મહિમા છે. ત્યાં અન્ય નાશવાન ભાવોની મહિમા કેવી! ક્ષયોપશમજ્ઞાન પણ નાશવાન છે. પરમસ્વભાવભાવ એક જ ત્રિકાળ-અવિનાશી વસ્તુ છે—એવી મોટાઈ જેની દૃષ્ટિમાં આવી ગઈ તેને હવે બીજી ચીજની મોટાઈ ભાસતી નથી.

એક સમયમાં છ દ્રવ્યના ગુણ-પર્યાય બધુ જાણી લે એવી જીવની એક સમયની શ્રુતજ્ઞાનની પર્યાયની તાકાત છે. એવી કેવળ પર્યાયની દૃષ્ટિ છે ત્યાં સુધી હજુ જીવ મિથ્યાદૃષ્ટિ છે, પણ જેને હજુ આવી પર્યાયની શ્રદ્ધા નથી તેને તો દ્રવ્યની દૃષ્ટિ–શ્રદ્ધા હોતી જ નથી. છ દ્રવ્યને તેના ગુણ અને પર્યાય સહિત બધાને જાણી લે એવી શ્રુતજ્ઞાનપર્યાયમાં અને કેવળજ્ઞાનપર્યાયમાં માત્ર પરોક્ષ અને પ્રત્યક્ષનો જ ફેર છે. આવી પર્યાયને કબૂલ કરે તો પણ હજી પર્યાયદષ્ટિવાન છે, તો રાગથી અને પરપદાર્થથી પોતાની અધિકતા માને એ તો પરમાર્થથી જ અજાણ છે.

આત્મા....આત્માની વાત તો ઘણાં કરે પણ આત્માને જાણ્યો ક્યારે કહેવાય! કે જે સમયમાત્રમાં નિરપેક્ષપણે, વિકલ્પ વિના, પર્યાયના સામર્થ્યથી જ છ દ્રવ્યને જાણી લે એવી તો એક પર્યાય, એવી એવી શ્રદ્ધા, ચારિત્ર, પ્રભુત્વ, વિભુત્વ, પરમેશ્વરતા...આદિ અનંત પર્યાયોનો સમુદાય ભગવાન આત્મા તે પરમાર્થ છે, તેને જાણે છે–શ્રદ્ધામાં લે છે તેણે આત્માને માન્યો કહેવાય. તેને આત્મા સિવાય કોઈપણ પર્યાયની અધિકતા કે અભિમાન થતું નથી તો શાસ્ત્ર આદિ બાહ્યવસ્તુની રચના મેં કરી છે એવું અભિમાન તો તેને ક્યાંથી હોય!

પુદ્‌ગલ પરાવર્તનના કાળમાં પરમાણુનું પરિણમન જેમ થવાયોગ્ય હોય તેમ તેની રચના થઈ જાય છે. એક શાસ્ત્રના એક એક અક્ષરમાં અનંત સ્કંધ છે. એક એક સ્કંધમાં અનેક પરમાણું છે. તેમાં એક એક પરમાણુનો સ્વતંત્ર ઉત્પાદ અને વ્યય થાય છે. આવા અનંત પરમાણુથી એક અક્ષર બને છે. કોઈ જીવથી થઈ શકે એવું એ કાર્ય નથી. જીવનું જ્ઞાન તો ધીર અને શાંત છે. તેમાં અક્ષર બનાવવાની તાકાત જ નથી. અક્ષર બને છે તેમાં નિમિત્ત થવાની લાયકાત જે વિકલ્પમાં છે એ વિકલ્પને પણ જે પોતાનો માનતાં નથી એવા જ્ઞાની-મુનિને તેની અધિકતા તો ક્યાંથી હોય! અન્ય કથા-વિકથાની તો વાત જ નથી પણ શાસ્ત્રરચનાના પણ જ્ઞાની કર્તા થતાં નથી.

પરમ + અર્થ = પરમ પદાર્થ એવા આત્મતત્ત્વને જાણતાં નથી તેને જ એવા શબ્દરચના આદિ કાર્યોની મહાનતા લાગે છે, તેનું અભિમાન થાય છે. એવા જીવો આત્મજ્ઞાનથી રહિત છે.

હવે, શિષ્ય પ્રશ્ન કરે છે કે ગ્રંથથી પોતાને મહંત માને છે તે પરમાર્થથી કેમ જાણતાં નથી? તેનું સમાધાન આચાર્યદેવ કરે છે.

बुज्झंतहँ परमत्थु जिय गुरु लहु अत्थि ण कोइ।
जीवा सयल वि बंभु परु जेण वियाणइ सोइ॥९४॥

શબ્દાર્થ :—હે જીવ! પરમાર્થને સમજવાવાળાને કોઈ જીવ નાના-મોટા નથી ભાસતા. બધાં જીવ પરમબ્રહ્મસ્વરૂપ દેખાય છે કેમ કે નિશ્ચયનયથી બધાં જીવો એક સમાન છે.

ભગવાન આત્માની જેને દૃષ્ટિ થઈ તે સર્વ જીવોને દ્રવ્યદૃષ્ટિથી જ શુદ્ધ જુએ છે. અલ્પજ્ઞતાના કારણે અને વિકલ્પના કારણે પર્યાયમાં જે ભેદ દેખાય છે એ તો વસ્તુનું સ્વરૂપ નથી, તેથી દ્રવ્યસ્વભાવથી કોઈ જીવ નાના-મોટા નથી. સમ્યગ્દૃષ્ટિ પોતાને રાગ કે અલ્પજ્ઞપર્યાય જેવડાં માનતા નથી, પોતાને પૂર્ણ માને છે તેમ બીજા જીવોને પણ પૂર્ણ માને છે. નિમિત્તને આધીન થવાવાળી પર્યાય કે વિકલ્પ આદિથી વસ્તુમાં ભેદ માનવો તે યથાર્થ નથી. પર્યાયમાં ભેદ હોવા છતાં વસ્તુમાં ભેદ નથી. માટે, જેની પર્યાયબુદ્ધિ નષ્ટ થઈ ગઈ છે તે પોતાને અને પરને બધાને દ્રવ્યબુદ્ધિથી જુએ છે.

જુઓ! કોઈ જીવ નાના-મોટાં નથી, બધા જીવ પરમબ્રહ્મસ્વરૂપ છે. ભવ્ય કે અભવ્ય, નિત્ય નિગોદ કે નવમી ગ્રૈવેઈકમાં રહેલાં જીવો બધાં પરમબ્રહ્મ સ્વરૂપ છે. પર્યાયમાં ભલે ભેદ હો પણ જેને અવ્યક્ત એવું દ્રવ્ય પોતાની દૃષ્ટિમાં વ્યક્ત થઈ ગયું છે તેને બધાં જીવો શુદ્ધ જણાય છે. પર્યાયમાં ભૂલેલાં હોવા છતાં દ્રવ્યસ્વભાવે પ્રભુ છે કેમ કે નિશ્ચયથી બધાં જીવો એક છે એટલે કે સરખાં છે. બધાં જીવો શુદ્ધ...શુદ્ધ..પરિપૂર્ણ...પરિપૂર્ણ સ્વરૂપ પરમાત્મા છે.

પર્યાયનું સ્વરૂપ અલ્પ, રાગનું સ્વરૂપ વિકૃત, નિમિત્તનું સ્વરૂપ સંયોગ અને સ્વભાવનું સ્વરૂપ પૂર્ણ શુદ્ધ છે. માટે, પર્યાય, રાગ અને નિમિત્ત માત્ર જાણવાલાયક છે અને એક સ્વભાવ જ ઉપાદેય-આદરવાલાયક છે. આવી પરમાર્થદૃષ્ટિ જેને થઈ તે બધાં જીવોને પોતાના જેવા શુદ્ધ જાણે છે. સ્વભાવથી કોને નાના-મોટાં માનવા? પર્યાયની હીનાધિકતાથી સ્વભાવમાં હીનાધિકતા આવી જતી નથી.

ભાવાર્થ :—જે પરમાર્થને નથી જાણતાં તે જીવો પરિગ્રહથી ગુરુતા સમજે છે અને પરિગ્રહ ન હોય તો લઘુતા સમજે છે તે જ ભૂલ છે. કંઈક વિકલ્પ સારા આવ્યા, ક્ષયોપશમ ઘણો હોય પણ જે પરસત્તાવલંબી ક્ષયોપશમ છે તે કાંઈ મોક્ષનો માર્ગ નથી. રાગ અને નિમિત્ત તો મોક્ષમાર્ગ નથી પણ પરલક્ષી જ્ઞાન પણ મોક્ષનો માર્ગ નથી. મોક્ષમાર્ગની પર્યાય પૂર્ણાનંદસ્વભાવનો આશ્રય કરીને પ્રગટ થાય છે; રાગ, નિમિત્ત કે પરસત્તાવલંબીજ્ઞાનથી મોક્ષમાર્ગની પર્યાય પ્રગટ થતી નથી. સમજાણું કાંઈ!

વસ્તુના મહાન સ્વરૂપથી અજાણ જીવો જ નિમિત્ત, રાગ કે પરલક્ષી ઉઘાડ આદિ પરિગ્રહથી પોતાની ગુરુતા-મોટાઈ માને છે અને પરિગ્રહના ન હોવાથી પોતાની અને

પરની લઘુતા માને છે, તેને પરમાર્થની ખબર નથી. ક્ષયોપશમ જ્ઞાન ઓછું હોય તેનાથી પોતાને લઘુ માને છે અને બીજાને પણ એ જ દૃષ્ટિએ જુએ છે. ભાઈ! ક્ષયોપશમજ્ઞાન, વિકલ્પ, વાણી આદિ વર્તમાન દૃષ્ટિનો વિષય છે પણ તું ત્રિકાળસ્વભાવની દૃષ્ટિ કર તો સ્વભાવ એકરૂપ પરિપૂર્ણ છે, તેમાં કોઈ લઘુ કે ગુરુ નથી.

અહો! સંતોએ કાંઈ વાત કરી છે! યોગીન્દ્રદેવ જેવાં પંચમકાળના દિગંબર સંતો પરમેશ્વર સાથે વાતો કરે છે! ભગવાન કેવળજ્ઞાન પર્યાયને પ્રાપ્ત છે અને મુનિઓ કેવળજ્ઞાનને પ્રાપ્ત નથી અને દૃષ્ટિ તેના ઉપર નથી કેમ કે કેવળજ્ઞાન પર્યાય પણ અસદ્દ્ભૂત વ્યવહારનયનો વિષય છે. ભગવાનને કેવળજ્ઞાન છે માટે મુનિઓને તેનું બહુમાન અને ભક્તિ આવે છે એમ પણ નથી. પોતાને સ્વભાવ ઉપર દૃષ્ટિ છે પણ સ્થિરતા નથી તેથી વિકલ્પના કાળે ભગવાનની ભક્તિ અને બહુમાન આદિ ભાવો આવી જાય છે, પરના કારણે નહિ.

પ્રશ્ન થાય કે સ્વભાવના કારણે ભક્તિ આદિ વિકલ્પ ન આવે અને પરના કારણે પણ ન આવે તો વિકલ્પ આવવાનું કારણ શું? કે એ સમયે એવી જ પર્યાયની યોગ્યતા છે. સૂક્ષ્મ વાત છે પ્રભુ! અહો! એક સમયની પર્યાયમાં ત્રણકાળ ત્રણલોકનું જ્ઞાન સમાઈ જાય-છ દ્રવ્યના દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન થઈ જાય એવી તાકાત છે-એવો સ્વીકાર થાય ત્યારે તો પર્યાયને માની કહેવાય અને એવી એવી અનંતપર્યાય અને ગુણોના પિંડની દૃષ્ટિ થાય ત્યારે એ દ્રષ્ટિવંત થયો. તેને હવે કોઈ બાહ્ય પરિગ્રહથી મહાનતા કે તેના ન હોવાથી લઘુતા લાગતી નથી. પર્યાયદૃષ્ટિવંત જીવ જ બાહ્ય પરિગ્રહથી પોતાની અને પરની ગુરુતા અને લઘુતા માને છે.

આ કોઈ સાધારણ વાત નથી કરી. આચાર્યદેવ પંચમકાળના હો કે ચોથાકાળના હો તેના અંતરના ભાવમાં કાંઈ ફેર નથી. અહા! સમ્યદૃષ્ટિજીવ પણ બધા જીવોને એક સમાન માને છે. કમજોરીના કારણે રાગ-દ્વેષ થઈ જાય એ જુદી વાત છે પણ પરના કારણે રાગ-દ્વેષ થવાની તો વાત જ નથી.

જો કે જીવોમાં ગુરુતા અને લઘુતા કર્મના આવરણના કારણે જોવામાં આવે છે. કર્મના નિમિત્તને આધીન થવાથી લઘુતા, ગુરુતા એવા બધા ભેદો પડે છે પણ તે પર્યાયદૃષ્ટિનો વિષય છે. કર્મના નિમિત્તની આધીનતા થવાથી અને આધીનતા ન થવાથી પર્યાયમાં ક્ષયોપશમ આદિના ઘણાં ભેદો પડે છે પણ સ્વભાવદૃષ્ટિમાં એ કોઈ ભેદો આવતાં નથી. કોઈને ઘણો ક્ષયોપશમ, કોઈને ઓછો ક્ષયોપશમ, કોઈને શુભરાગ તો કોઈને અશુભરાગ, કોઈને અનુકૂળ સંયોગ તો કોઈને પ્રતિકૂળ સંયોગ એવા ભેદો પર્યાયમાં પડે છે તો પણ શુદ્ધનયથી બધાં જીવો સમાન છે.

પર્યાયમાં, રાગમાં અને સંયોગમાં ઓછું-અધિક છે તે ન દેખો તો વસ્તુ દરેકની સમાન છે–આવી દૃષ્ટિ થયા વિના સમભાવ આવતો નથી. ભગવાન આત્મા સમતાનો પિંડ છે. આખો લોકાલોક પ્રતિકૂળ થઈને ડોલે તો પણ જે ન ડોલે એવો આત્મા સ્થિરબિંબ છે. આત્મામાં જાણવાની પૂરી તાકાત છે પણ પ્રતિકૂળતામાં ડોલી જવાની જરાય તાકાત નથી. આવા આત્માની અહીં વાત ચાલે છે ભગવાન!

પ્રતિકૂળતાના કારણે આત્માને ખેદ થાય અને અનુકૂળતાના કારણે રાગ આવે એ વાત બિલકૂલ નથી. કમજોરીના કારણે રાગ-દ્વેષ થઈ જાય એ જુદી વાત છે, તે દૃષ્ટિનો વિષય નથી અને તેનો આદર પણ નથી.

બ્રહ્મ અર્થાત્ સિદ્ધપરમેષ્ઠી કેવળજ્ઞાની બધાંને જાણે છે, બધાને દેખે છે તે જ રીતે નિશ્ચયનયથી સમ્યગ્દૃષ્ટિ બધાં જીવોને શુદ્ધરૂપ જ દેખે છે. મારી દૃષ્ટિમાં જેવો પરમભાવ આવ્યો છે તેવા જ બધાં જીવો પરમભાવસ્વરૂપ છે એમ સમ્યગ્દૃષ્ટિ જાણે છે. ચૌદ બ્રહ્માંડ સર્વત્ર પરમબ્રહ્મ ભગવાનથી ભરેલ છે. પર્યાય અપેક્ષાએ દ્રવ્ય અવ્યક્ત હોવા છતાં વસ્તુ અપેક્ષાએ દ્રવ્ય સદા વ્યક્ત પ્રગટ જ છે. એવી મહાન સત્તા જેના સ્વીકારવામાં આવી તેને આખા બ્રહ્માંડમાં બધા ચૈતન્ય પરમ શુદ્ધ દેખાય છે. તે ભલે ભવિ હો કે અભવિ હો એ ભેદ તો પર્યાયમાં છે. દ્રવ્ય તો બધાં જીવો સમાન છે. એક જીવ અનંતસંસારી છે તો એક જીવ એકાવતારી છે તો એક જીવ વર્તમાનમાં સિદ્ધ છે તે બધાં જીવો નિશ્ચયથી શુદ્ધ-શુદ્ધ છે.

દ્રષ્ટાંત કેવું આપ્યું છે કે કેવળજ્ઞાની ભગવાન જેમ બધાં જીવોને શુદ્ધ જુએ છે તેમ પોતાની મહાન સત્તાનો અનુભવ કરનારા સમ્યગ્દૃષ્ટિ જીવો દરેક જીવને શુદ્ધ જાણે છે. જીવ ભલે શરીરપ્રમાણ અસંખ્યપ્રદેશી જ છે પણ તેના સ્વભાવ સામર્થ્યની બેહદતા છે, અનંતતા છે. જીવના એક એક ગુણમાં અનંતી શક્તિ છે, અનંતી પર્યાય છે અને બીજા અનંતગુણને નિમિત્ત થવાની શક્તિ છે. આવા સ્વભાવની મહિમા આવે તે જ્ઞાની રાગને અને અલ્પ પર્યાયને પોતાનો સ્વભાવ કેમ માને?

અહા! ચૌદબ્રહ્માંડમાં એકલા ભગવાન બિરાજે છે. ઠાંસી-ઠાંસીને અનંતા ભગવાન ભરેલાં છે. ઠાંસી-ઠાંસીને એટલે ઠસાઠસ. તેને જો ને! વિકલ્પ તો એક સમય પૂરતાં છે તેને કોણ જુએ! ब्रह्मशब्दवाच्यो मुक्तात्मा केवलज्ञानेन सर्व जानाति यथा तथा निश्चयनयेन सोऽप्येको विवक्षितो जीवः संसारी सर्व जानातीत्यभिप्रायः આ બ્રહ્મદેવે કરેલી ટીકા છે. દિગંબર સંતો, દિગંબરના ગુરુ, દિગંબરની વાણી અને દિગંબરના પરમાત્માની વાત અલૌકિક છે. વસ્તુસ્વરૂપ જ એવું અલૌકિક છે. દિગંબર કોઈ સંપ્રદાય નથી. પર્યાયમાં રાગ હોવા છતાં,

અલ્પજ્ઞતા હોવા છતાં, પૂર્ણ પરમાત્મસ્વરૂપને જોઈ લીધો તે જીતી ગયો. તે ક્રમે ક્રમે સ્વભાવમાં એકાગ્ર થઈને સર્વજ્ઞ થઈ જશે. આને ખરો જૈન કહેવાય છે.

કોઈ વ્યક્તિની દૃષ્ટિ વિપરીત હોય તોપણ તે વ્યક્તિ પ્રત્યે વિરોધ ન હોય, વ્યક્તિ પ્રત્યે પ્રેમ હોય. તેની સામે વાદવિવાદ ન હોય. તેને કાંઈ કહે તોપણ પ્રેમથી, સજ્જનતાથી કહેવાય કેમ કે એ પણ આત્મા છે ને! એને દુઃખી થવું ગોઠતું નથી પણ જ્યાં સુધી દૃષ્ટિમાં યથાર્થ ન આવે ત્યાં સુધી વિપરીત માને છે છતાં તેનો વિરોધ ન હોય. જ્ઞાતાને તેની પ્રત્યે પણ પ્રેમ હોય. લૌકિકમાં પણ ન્યાય હોય છે.

એક હરિજન બાઈ બીજા ગામના વાણિયા સાથે પરણી હતી. ત્યાં બધાને હું વાણિયાની દિકરી છું એમ કીધેલું. હવે એક દિવસ તેના ગામનો કઠિયારો લાકડાં વેચવા આવ્યો. બાઈના ઘરે લાકડા દેતાં એ બાઈને ઓળખી ગયો કે આ તો મારા ગામની હરિજનની દિકરી છે! ત્યારે બાઈ મુંજાણી કે આ હમણાં કહી દેશે તો! કઠિયારો સમજી ગયો એટલે તેણે કીધું, બેન હું લાકડાના પૈસા માટે તમારી સાથે લોગે લડીશ પણ કલોગે નહિ લડું. એનો અર્થ કે હું સજ્જનતાથી વાત કરીશ અને તમને ખૂલ્લા નહિ પાડું. આમ, લૌકિકમાં પણ સજ્જનતા અને પ્રેમની મુખ્યતા હોય છે તો અહીં તો સજ્જનતા અને પ્રેમ હોવા જ જોઈએ. કોઈ વ્યક્તિનો વિરોધ શેનો? તેની દૃષ્ટિ વિપરીત હોય તોપણ તેનો વિરોધ ન હોય, પ્રેમ હોવો જોઈએ.

અહીં આચાર્ય મહારાજ એ કહે છે કે જ્ઞાતા બધાને એક સમાન માને છે. તો પ્રશ્ન થાય કે મહારાજ! તમે બધાંને એક કહો છો અને વેદાંતમાં પણ બધાંને એક જ માને છે તો બેમાં ફેર ક્યાં રહ્યો? ભાઈ! અમારી વાત જુદી છે અને વેદાંતની વાત જુદી છે. અમે તો જાતિ અપેક્ષાએ બધાં જીવો એક છે એટલે એકસરખા છે એમ કહીએ છીએ, વસ્તુ અપેક્ષાએ બધા એક નથી.

વળી, સમ્યગ્દૃષ્ટિ બધાં જીવોને શુદ્ધ દેખે છે છતાં તેની પર્યાયમાં ભૂલ છે તેનું જ્ઞાન બરાબર હોય છે, જ્ઞાન કાંઈ ચાલ્યું જતું નથી. સમ્યગ્દૃષ્ટિને રાગ અને અલ્પજ્ઞતા આદિનું જ્ઞાન બરાબર છે પણ જેમ, પોતાના અલ્પજ્ઞપણાને અને અશુદ્ધતાને ગૌણ કરીને દ્રવ્યને દૃષ્ટિમાં લે છે તેમ, બીજા જીવોની અલ્પજ્ઞતા અને અશુદ્ધતાને ગૌણ કરીને દ્રવ્યને મુખ્ય કરે છે, તે અપેક્ષાએ બધાં જીવો સમાન દેખાય છે. જ્ઞાન હોવા છતાં આદર સ્વભાવનો છે, તેમ બધા જીવોનો સ્વભાવ શુદ્ધ છે એમ આદર આવે છે.

વીતરાગ મારગ આવો છે! ત્રિલોકનાથ સર્વજ્ઞપરમેશ્વર સમવસરણમાં બિરાજે છે

તે સર્વની વાણીમાં ઈચ્છા વિના પણ આ એક જ માર્ગ–એક જ પંથ–એક જ રીત સ્યાદ્‌વાદવિદ્યાની વાત કરી છે.

અનંતકાળમાં જેની મહિમા આવી નથી એવા પોતાના આત્માની મહિમા જાણી, અનુભવ કર્યો તેને પર્યાયમાં પરમાત્માનો ભેટો થયો. પોતે જ્ઞાની થયા તો બધાને સ્વભાવે પરમાત્મારૂપે જુએ છે, એકેન્દ્રિયથી લઈને પંચેદ્રિય બધાને પરમાત્મા જુએ છે. સમ્યગ્દષ્ટિને પોતાનો વિષય પરિપૂર્ણ દેખાય છે તેમ બધાં જીવોને પર્યાયથી ન જોતાં પરિપૂર્ણ સ્વભાવે જુએ છે, પણ પર્યાયનું જ્ઞાન ચાલ્યું જતું નથી હો! સમયસાર ૧૨મી ગાથામાં કહ્યું છે કે વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. જેટલી જેટલી શુદ્ધિ થાય, જેટલી અશુદ્ધિ જાય તેને જાણે છે પણ તેનો આદર કરતા નથી. આદરમાં એકલો પરમ શુદ્ધસ્વભાવ જ છે. અંતરમુખ દૃષ્ટિ વડે દ્રવ્યનો આશ્રય લીધો છે ત્યાં એકલા દ્રવ્યનો જ આદર છે. પર્યાયની વિશેષતાઓ તે તે કાળે જ્ઞાનામાં લે છે–જાણવામાત્ર પ્રયોજનભૂત છે, આદર માટે નહિ. જ્ઞાન સ્વ-પરપ્રકાશક હોવાથી તેમાં સ્વના જ્ઞાન સાથે પરનું–છ દ્રવ્યનું, તેની પર્યાયોનું જ્ઞાન થાય છે પણ આદર આવતો નથી.

દ્રવ્યે તો હું જેવો શુદ્ધ છું એવા જ બધાં દ્રવ્યો શુદ્ધ છે એમ જાણે છે અને પર્યાયમાં જેટલી શુદ્ધિ, અશુદ્ધિ છે તેનું જ્ઞાન થાય છે. આ નિશ્ચય-વ્યવહારની સંધિ છે.

ભાઈ! વસ્તુ આવી છે તે કાંઈ ગડિયા શીખવાથી સમજાય તેમ નથી. પંચમકાળના મુનિ આવી વાત લખી ગયા છે, જુઓ!

આ રીતે એકતાલીસ દોહાનાં મહાસ્થળમાં પરિગ્રહત્યાગના વ્યાખ્યાનની મુખ્યતાથી આઠ દોહાનું ત્રીજું અંતરસ્થલ પૂર્ણ થયું. અહીં પરિગ્રહમાં અલ્પજ્ઞતા, રાગ અને પરદ્રવ્ય એ બધું લઈ લીધું છે. પોતાના ત્રિકાળી સ્વભાવનો પક્ષ લીધો ત્યાં પરિગ્રહનો ત્યાગ (શ્રદ્ધામાં) થઈ ગયો.

આગળ તેર દોહા સુધી શુદ્ધનિશ્ચયથી બધાં જીવ કેવળજ્ઞાનાદિ ગુણથી સમાન છે માટે, સોળવલા સુવર્ણની જેમ ભેદ નથી, બધાં જીવ સમાન છે એમ નક્કી કરે છે.

બધાં આત્મા નિશ્ચયથી એટલે સત્યદષ્ટિથી કેવળજ્ઞાનાદિ ગુણથી સમાન છે એટલે કેવળજ્ઞાન પર્યાયની વાત નથી પણ કેવળ એટલે પૂર્ણજ્ઞાનથી બધા સમાન છે એમ કહ્યું છે. કેવળદર્શન, કેવળજ્ઞાન, પૂર્ણ આનંદ આદિ સ્વભાવથી બધા જીવો સમાન છે—એ વાત હવેની તેર ગાથા સુધી આચાર્યદેવ કહેશે.

(ક્રમશઃ)

* * *

# સમ્યગ્દૃષ્ટિ મુક્ત જ છે

(શ્રી સમયસાર નાટક ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૨૦)

આ, શ્રી સમયસાર નાટક છે, તેમાં સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર ચાલે છે. નીચે પાંચમા કળશ ઉપર ૮મુ પદ્ય છે તેનો અર્થ ચાલે છે.

જ્ઞાની કર્મના અને રાગાદિના કર્તા-ભોક્તા નથી તેનું કારણ શું છે તે કહે છે. તેનાથી વિરુદ્ધ કારણથી અજ્ઞાની કર્મ અને રાગાદિનો કર્તા-ભોક્તા થાય છે. એ વાત પછી કહેશે.

चिन्मुद्राधारी ध्रुव धर्म अधिकारी गुन,
रतन भंडारी अपहारी कर्म रोगकौ॥८॥

ધર્મી જીવની દૃષ્ટિ ચૈતન્યના લક્ષણને ધરનાર છે. રાગ અને શરીર મારા છે એવી માન્યતા ધર્મીને હોતી નથી. ધર્મી તો ચૈતન્ય લક્ષણ વડે આત્માને લક્ષિત કરે છે. પરવસ્તુ વડે પણ આત્મા લક્ષિત થાય—એમ ધર્મી માનતા નથી.

સમ્યગ્દૃષ્ટિ ત્રિકાળી–નિત્ય એવા ધ્રુવધર્મના સ્વામી છે, સંયોગ અને રાગના સ્વામી નથી. ધ્રુવ કહો કે નિત્ય કહો, બંનેનો ભાવ એક જ છે. જ્ઞાનીની બુદ્ધિ ધ્રુવ ધર્મ ઉપર જ હોય છે. જ્ઞાની ભલે લડાઈ આદિમાં દેખાય કે ખાવા-પીવા કે બોલવાની ક્રિયામાં દેખાય પણ ધર્મીની દૃષ્ટિ તો ધ્રુવ અવિનાશી ભગવાન ઉપર છે. હું પત્નીનો પતિ છું કે નોકરનો શેઠ છું કે પૈસાનો સ્વામી છું–એવી બુદ્ધિ ધર્મીને હોતી નથી.

આ અમૃતચંદ્રઆચાર્યના પાંચમા કળશનું પદ્ય છે. આત્માના ભંડારમાં તો અનંતગુણરત્નો ભરેલાં છે. ક્યા ગુણો છે? અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ.... એવા એવા અનંતગુણો રહેલાં છે. રાગ અને પર-લક્ષ્મી આદિનો ભંડાર એ જ્ઞાનીનો ભંડાર નથી. આત્માના ભંડારમાં કેટલા ગુણો છે એ તો ઘણીવાર કહીએ છીએ. કેટલા?—કે છ મહિના અને આઠ સમયમાં છસો આઠ જીવો સિદ્ધ થાય છે એવો સિદ્ધાંત છે; તો અત્યાર સુધીમાં–અનંત કાળમાં—અનંત પુદ્ગલ પરાવર્તનકાળમાં સિદ્ધોની જે સંખ્યા થઈ છે તેની કરતાં બટેટાની એક કટકીમાં અસંખ્ય શરીર રહેલાં છે તેમાંથી એક એક શરીરમાં

સિદ્ધની સંખ્યા કરતા અનંત ગુણા જીવ રહેલાં છે. તો કુલ સંસારી જીવોની સંખ્યા એનાથી પણ અનંતગુણી થઈ. એ સંસારી જીવરાશિ કરતાં પુદ્‌ગલના પરમાણુ અનંતગુણા છે. તેની કરતાં ત્રણકાળના સમયોની સંખ્યા અનંતગુણી છે.

આ તો આત્મામાં કેટલા ગુણો છે તે સંખ્યાનું માપ અપાય છે. ભાઈ! કાળના સમયો કરતાં આકાશના પ્રદેશો અનંતગુણા છે. તે પ્રદેશોની સંખ્યા કરતાં આત્માના ગુણોની સંખ્યા અનંતગુણી છે. તે પ્રદેશોની સંખ્યા કરતાં આત્માના ગુણોની સંખ્યા અનંતગુણી છે. માટે ધર્મી આવા અને આટલા ગુણરત્નોના ભંડારી છે. જેની દૃષ્ટિમાં ધ્રુવતત્ત્વ પડ્યું છે તે ધ્રુવમાં અનંતગુણ હોવાથી તે ગુણરત્નના ભંડારના સ્વામી છે. તેથી ધર્મીને હું રાગનો સ્વામી છું કે હું રાગનો કર્તા થાઉં એવી બુદ્ધિ-અભિપ્રાય હોતો નથી. પુરુષાર્થની કમીના કારણે રાગ આવી જાય છે તેના ધર્મી માત્ર જ્ઞાતા રહે છે-દૃષ્ટા રહે છે પણ આ મારી રચના છે એમ માનતા નથી. સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ ધ્રુવ ઉપર હોવાથી કર્મનો રોગ તો સ્વયં નષ્ટ થઈ જાય છે. ચોથા ગુણસ્થાનથી જ ધર્મીને મલિનતાનો અને આઠ કર્મનો નાશ થવા લાગે છે.

प्यारौ पंडितनकौ.....ધર્મી જ્ઞાનીઓને જ પ્યારા લાગે છે, અજ્ઞાનીને પ્યારા લાગતા નથી. અજ્ઞાનીને તો એમ લાગે છે કે અરે! આ તો વ્યવહારનો લોપ કરી દે છે. જ્ઞાનીને જ જ્ઞાની પ્રિય લાગે છે.

हुस्यारौ मोख मारगमें...ધર્મી મોક્ષમાર્ગમાં પ્રવિણ હોય છે દુનિયાની હોંશિયારીની અહીં વાત નથી. મોક્ષમાર્ગમાં કુશળ છે તે જ હોંશિયાર છે. સંસારનું ડહાપણ હો કે ન હો તેની સાથે કાંઈ સંબંધ નથી. સમ્યગ્દર્શન તો પોતાના પૂર્ણાનંદસ્વભાવના આશ્રયથી થાય છે અને સ્વસંવેદનજ્ઞાન પણ પોતાના દ્રવ્યના આશ્રયે જ થાય છે, એ જ્ઞાન કોઈ પરદ્રવ્યના આશ્રયે થતું નથી. સમકિતી એમ નથી માનતા કે વીતરાગની વાણીથી જ્ઞાન થાય.

શ્રોતા :-તો વાણી સાંભળવા કેમ આવે છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :-અંદરમાં વિકલ્પ છે તેથી આવે છે. વ્યવહાર વચ્ચે આવો હોય છે પણ વાણીથી જ્ઞાન થાય છે એવો અભિપ્રાય નથી. આવી વાત છે. પોતાનું જ્ઞાન પ્રગટ કરવામાં પોતે હોંશિયાર છે. પરની અપેક્ષા રાખું તો જ્ઞાન થાય-એમ સમકિતી માનતા નથી. મારા સ્વરૂપમાં રમવું એ જ ચારિત્ર છે એમ માને છે. ભલે સ્થિરતા વિશેષ નથી પણ સ્વરૂપમાં રમું એટલું જ ચારિત્ર છે, વ્રત-તપ કરું એ ચારિત્ર નથી.

પાઠમાં—ज्ञानी तु प्रकृतिस्वभावविरतो नो जातुचिद्वेवकः । લખ્યું તેમાંથી આ બધો ભાવ ખોલ્યા છે. न्यारो पुद्गलसौं...શરીરાદિ પુદ્‌ગલથી હું પૃથક છું. અરે! રાગના વિકલ્પથી પણ હું જુદો છું. રાગ તો પર છે. સમ્યગ્દૃષ્ટિ સ્ત્રી, કુટુંબની વચ્ચે પડેલાં હોવા છતાં બધાથી ન્યારા છે. જ્ઞાનીને મતિ-શ્રુતજ્ઞાનમાં ચૈતન્યનો પ્રકાશ પ્રગટ થયો છે. સમ્યક્ જ્ઞાન જ મતિ અને શ્રુતનો પ્રકાશ કરવાવાળું છે. બીજાને પ્રકાશે છે એમ નહિ, ફક્ત પોતાના જ્ઞાન-દર્શનને પ્રકાશે છે. ચૈતન્ય ભગવાનના અવલંબનથી જે મતિ-શ્રુતજ્ઞાન થયું તેના એ પ્રકાશક છે.

ચૈતન્ય-ચિહ્નના ધારકથી લઈને આ નવમો બોલ એ આવ્યો કે સમકિતી નિજ અને પર તત્ત્વના જાણનાર છે. સ્વ શું છે અને પર શું છે તેનો વિવેક અંદરમાં પ્રગટ થઈ ગયો છે. વ્યવહાર પર પરતત્ત્વ છે એમ જ્ઞાની જાણે છે. એક ભગવાન આત્મા જ સ્વતત્ત્વ છે, ધર્મી જીવને ચોથા ગુણસ્થાને આવો સ્વ-પરનો વિવેક પ્રગટ થઈ ગયો છે.

रहै जगमें विरत्त...ઉદયભાવ આદિ સંસારથી ધર્મી વિરક્ત છે, રાગમાં રક્ત નથી. સ્ત્રી, પુત્રાદિ કાંઈ સંસાર નથી. સંસરણમ્ ઈતિ સંસાર... શુદ્ધ ચિદાનંદ સ્વરૂપથી ખસીને રાગમાં આવવું તે જ સંસાર છે. અહા! અનંતકાળથી જન્મ-જરા-મરણ કરતો કરતો ચૌરાસીલાખ યોનિમાં રખડ્યો છે.

શ્રોતા :—આ વસ્તુ બેસતી કેમ નથી?

પૂજ્ય ગુરુદેવશ્રી :–દરકાર નથી માટે બેસતી નથી. ધંધાની વાતમાં રુચિ છે તેથી કેવી વાત બેસી જાય છે! જેની રુચિ છે તેમાં પ્રસન્નતા છે. આત્માની રુચિ હોય તો આત્માની પ્રસન્નતા હોય. 'રુચિ અનુયાયી વીર્ય'. જેવી જેની રુચિ હોય તે તરફ તેનો પુરુષાર્થ કામ કરે છે. રુચિ જો સ્વભાવ તરફ હોય તો પુરુષાર્થ સ્વભાવ તરફ કામ કરે છે, રાગ અને પુણ્યની રુચિ હોય તો વીર્ય તે તરફ કામ કરે છે.

અહા! વસ્તુ-સ્થિતિ સ્પષ્ટ પ્રત્યક્ષ છે. વીતરાગમારગ સિવાય આ વાત બીજે ક્યાંય નથી. પ્રવચનસારમાં કહ્યું છે કે ચિદાનંદ ભગવાન ધ્રુવ આનંદકંદથી ખસીને રાગ અને પુણ્યને પોતાના માનવા એ મિથ્યાત્વ છે અને મિથ્યાત્વ એ જ સંસાર છે. આ સંસારથી જે વિરક્ત છે તે જ્ઞાની છે. છઠ્ઠા કળશમાં આવશે કે स हि मुक्त एव। તેના નવમા પદ્યમાં આવશે કે સાધક સિદ્ધ સમાન છે.

આગળ આવી ગયું છે કે 'જાહેર થાઓ : મિથ્યાત્વ એ જ આસ્રવ અને બંધ છે, મિથ્યાત્વ જ સંસાર છે'. સમકિત છે તે જ સંવર-નિર્જરા અને મોક્ષ છે. વિપરીત માન્યતા એ જ સંસાર, બંધ અને આસ્રવ છે.

૧૧મો બોલ મન-વચન-કાયાના યોગના મમત્વથી રહિત હોવાના કારણે જ્ઞાની જીવ કર્મના કર્તા અને ભોક્તા નથી. મન-વચન-કાયા તો જડ છે પણ અંદરમાં જે કંપન છે એ દોષ છે તેથી જ્ઞાનીને તેનું મમત્વ નથી.

જ્ઞાની કર્મના કર્તા-ભોક્તા નથી તેનું કારણ શું એમ પ્રશ્ન હતો તેનો આ જવાબ થયો કે આવા ચૈતન્યમુદ્રાધારી આદિ ગુણોવાળા હોવાથી જ્ઞાની કર્મના કર્તા-ભોક્તા નથી. અજર પ્યાલા છે ભાઈ! અજ્ઞાની અજ્ઞાનના કારણે જે પરચીજને પોતાની માને છે તેને પોતાના સ્વભાવથી ભિન્ન નહિ માનતા હોવાથી તેના કર્તા અને ભોક્તા થાય છે જ્યારે જ્ઞાની સ્વતત્ત્વ સિવાય કોઈને પોતાના માનતા નહિ હોવાથી મમત્વ નથી તેથી કર્મના કર્તા-ભોક્તા થતાં નથી.

'સત્ય પણ જેમ છે તેમ સમજવું જોઈએ'. સમજ્યા વિના શાસ્ત્ર ઘણા ભણી લે તેથી શું! મૂળ તત્ત્વ શું ચીજ છે? નિશ્ચય શું છે? વ્યવહાર શું છે? નિશ્ચયમાં વ્યવહાર નથી, વ્યવહારમાં નિશ્ચય નથી. બે તત્ત્વ ભિન્ન છે. આ બધું યથાર્થપણે સમજવું જોઈએ.

પરથી ભિન્ન પોતાના જ્ઞાનસ્વભાવનો ચૈતન્યચિહ્ન વડે પ્રકાશ થયો હોવાના કારણે જ્ઞાની પરના કર્તા અને રાગના ભોક્તા નથી. આમ, જ્ઞાની કર્મના કર્તા-ભોક્તા નથી એ સત્ય સિદ્ધ કર્યું.

આમ જુઓ તો રાગ દસમા ગુણસ્થાન સુધી રહે છે અને અહીં કહે છે કે ચોથા ગુણસ્થાને જ્ઞાની રાગના કર્તા-ભોક્તા નથી. તેનો અર્થ એ કે રાગ તો છે પણ જ્ઞાની તેને પરતત્ત્વ માનતા હોવાથી રાગના કર્તા-ભોક્તા થતાં નથી. સ્વતત્ત્વ જ્ઞાયક છે અને રાગાદિ પરતત્ત્વ છે તેથી સ્વતત્ત્વ છે તે પરતત્ત્વનો કર્તા-ભોક્તા થતો નથી.

સર્વ ધર્મ સમાન છે એમ કહે એટલે બધાને સારું લાગે પણ સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરે કહેલો આ એક જ માર્ગ સત્ય છે. બીજા કોઈ માર્ગ સાથે તેનું મિલાન કરવું એ મિથ્યાત્વભાવ છે. સર્વ ધર્મને સમાન માનવા તે વિનય મિથ્યાત્વ છે. પાંચ પ્રકારના મિથ્યાત્વમાં એક વિનય મિથ્યાત્વ છે. આ ધર્મ પણ સાચો અને પેલાં ધર્મો, પણ સાચા..એવો અભિપ્રાય રહેવો તે વિનય મિથ્યાત્વ છે. સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો આત્મા એક જ સત્ય છે અને સર્વજ્ઞ સિવાય આવો આત્મા કોઈએ જોયો નથી. સમકિતી આત્માને જાણે છે અને સર્વજ્ઞ તો પૂર્ણપણે આત્માને જાણે-દેખે છે. અજ્ઞાની આત્માને આવો છે...આવો છે...એમ વાતો કરે પણ આત્માને જાણ્યા વગર તેની વાત યથાર્થ ન હોઈ શકે. કેમ કે ભગવાન આત્મા સર્વજ્ઞસ્વભાવી છે-તેનામાં સર્વજ્ઞત્વશક્તિ આદિ શક્તિઓની

પ્રતીતિ આવી ગઈ છે કે હું જ સર્વજ્ઞગુણવાળો છું, સર્વદર્શિસ્વભાવવાળો છું, અનંત આનંદવાળો છું ઇત્યાદિ. કોઈ આત્માને અલ્પજ્ઞાનવાળો કહે છે તો એ આત્માને જાણતાં જ નથી આત્મા તો સર્વજ્ઞસ્વભાવી છે.

આ, પાંચમા કળશનું પદ્ય થયું હવે છઠ્ઠા કળશનું ૯મુ પદ્ય લઈએ. ધર્મીને શુદ્ધસ્વભાવનો અનુભવ છે માટે ધર્મી મુક્ત છે એમ કહે છે.

निरभिलाष करनी करै, भोग अरुचि घट मांहि।
तातैं साधक सिद्धसम, करता भुगता नांहि॥९॥

અર્થ :–સમ્યગ્દષ્ટિ ઇચ્છારહિત ક્રિયા કરે છે અને અંતરંગભોગથી વિરક્ત રહે છે, તેથી તેઓ સિદ્ધભગવાન સમાન માત્ર જ્ઞાતા-દ્રષ્ટા છે, કર્તા-ભોક્તા નથી.

જ્ઞાની નિરભિલાષ કરણી કરે છે એટલે કે જ્ઞાનીને રાગ આવે ખરો, પુણ્યભાવ હોય ખરા પણ તેની પાછળ અભિલાષા હોતી નથી. ઇચ્છાની ઇચ્છા નથી, રાગ છે પણ રાગનો રાગ નથી. રાગની રુચિ નથી. રુચિ એકમાત્ર જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવની છે. રાગરૂપ પરિણમન છે પણ આ રાગ ઠીક છે એવી અભિલાષા નથી, દૃષ્ટિ નથી. અન્યમતમાં કહે છે કે કાર્ય કરવું પણ અભિલાષા ન રાખવી. એ ખોટી વાત છે. પરના કાર્ય કરવાની બુદ્ધિ છે એ જ આસક્તિ છે, મિથ્યાત્વ છે. હું પરની દયા પાળી શકું છું, કુટુંબને નભાવી શકું છું, દુનિયાની વ્યવસ્થા કરું છું...એવી પરના કાર્યની કર્તાબુદ્ધિ છે તે જ મિથ્યાત્વ સહિતની આસક્તિ છે, માટે 'કાર્ય કરવું અને આસક્તિ ન રાખવી' એ બે વાતને મેળ નથી. અહીં તો કરવા-ભોગવવાની વાત જ નથી. પાઠમાં શબ્દ એમ જ છે કે ज्ञानी करोति न न वेदयते च कर्म जानाति केवलमयं किल तत्सभावम्। આહાહા! શાસ્ત્રમાં તો બધું લખ્યું છે પણ પોતે નિશ્ચય કરતો નથી. નમો અરિહંતાણં એટલે ભાષા પ્રમાણે અર્થ કરો તો અરિ એટલે દુશ્મનને જેણે હણ્યા છે એવા અરિહંતને હું નમું છું. આઠકર્મ છે તે દુશ્મન છે એમ ભાષામાં આવે પણ શું પુદ્‌ગલ આત્માનો દુશ્મન હોઈ શકે? પ્રવચનસારમાં લીધું છે કે પોતાની વિકારીદશા છે એ જ પોતાની વૈરી છે–અનિષ્ટ છે, એક પોતાનો નિર્મળાનંદ સ્વભાવ જ ઇષ્ટ છે.

દીપચંદજીએ ચિદ્‌વિલાસમાં એક નિશ્ચયનો અધિકાર લખ્યો છે તેમાં કહ્યું છે કે પોતાની વિરોધીદશા એ જ વૈરી છે, પરદ્રવ્ય કોઈ વૈરી નથી. છતાં શાસ્ત્રમાં વ્યવહારથી એમ કહે છે કે 'નમો અરિહંતાણં' એટલે અજ્ઞાનનો જ્યાં નાશ થાય છે ત્યાં કર્મપર્યાય સ્વયં પલટીને અકર્મરૂપ થઈ જાય છે ત્યારે અરિહંતે તેનો નાશ કર્યો એમ વ્યવહારથી કહેવાય છે.

શાસ્ત્રનું કોઈપણ વાક્ય નયવિનાનું હોતું નથી. સદ્‌ભૂત કે અસદ્‌ભૂત, ઉપચાર કે અનુપચાર, નિશ્ચય કે વ્યવહારમાંથી કોઈપણ નયનું કથન હોય છે તેને તે નયથી સમજવું જોઈએ. નયચક્રમાં કહ્યું છે કે કોઈપણ શાસ્ત્રનું કોઈપણ વાક્ય નય વિના હોતું નથી માટે કઈ નયથી કહ્યું છે તે તારે વિચારવું જોઈએ. વીતરાગના શાસ્ત્રની વાત છે હો. બીજામાં તો નય ક્યાં હતી?

ધવલ, જયધવલ, મહાધવલ આદિ તો સીધી વીતરાગની વાણી છે ને! ધરસેન આચાર્ય પાસે ભગવાનની વાણી હતી અને દેહની છેલ્લી સ્થિતિ આવી એટલે ધરસેનાચાર્યદેવે બે મુનિરાજોને બોલાવી જે જ્ઞાન આપ્યું તેમાંથી ષટ્‌ખંડાગમની રચના થઈ તે ટીકા વીરસેનઆચાર્યે બનાવી છે પણ તેનું મૂળ વીતરાગની વાણી સાથે સંબંધ છે. કોઈ કલ્પનાથી લખેલ વાત નથી. સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવના સમવસરણમાં જે વાણી આવી હતી તે જ આ વાણી છે. ષટ્‌ખંડાગમમાં એમ લખ્યું છે કે આગમનું કોઈપણ વાક્ય નિશ્ચય કે વ્યવહાર નય વિનાનું હોતું નથી. માટે નયના જ્ઞાન વિના કોઈ શાસ્ત્રના અર્થ કરશો તો અનર્થ થઈ જશે.

પરમાત્મપ્રકાશમાં, દ્રવ્યસંગ્રહમાં, જયસેનાચાર્યની ટીકામાં વગેરેમાં કહ્યું છે કે શાસ્ત્રના કોઈપણ વાક્યનો પહેલાં શબ્દાર્થ કરવો જોઈએ, પછી આગમાર્થ, પછી નયાર્થ, પછી અન્ય આગમમાં શું કહે છે તે અને પછી તેનો તાત્પર્યાર્થ અર્થાત્ ભાવાર્થ કાઢવો જોઈએ. તેમાં પણ નયનું જ્ઞાન હોય તો નયાર્થ કાઢી શકે, વળી અન્યમતમાં તેનો શું વિરોધ કરે છે એવો મતાર્થ પણ કાઢવો અને છેલ્લે ભાવાર્થ લેવો જોઈએ. દરેકમાં કહેવાનું તાત્પર્ય તો વીતરાગતા જ નીકળશે. પણ એક એક ગાથાનો અર્થ આ પાંચ પ્રકારે સમજવો જોઈએ એમ કહ્યું છે.

અહીં આપણે જ્ઞાની નિરભિલાષ કરની કરે...તેમાંથી શું વાત નિકળી કે જ્ઞાની રાગ કરે અને વળી કરતાં નથી એમ કહેવાય છે. 'ભોગ અરુચિ ઘટમાંહિ'...અરે! ઈન્દ્રાણીના ભોગ પણ જેને ઝેર જેવા લાગે છે. જો ભોગમાં સુખબુદ્ધિ હોય તો તો મિથ્યાત્વ છે. જ્ઞાનીને તો પાંચ-સાત હાથના મોટા કાળાનાગ જેવા આ ભોગો લાગે છે. બાપુ! જ્ઞાન એટલે શું ચીજ!! જે તત્ત્વમાં સુખ નથી ત્યાં સુખ માને તો તો મિથ્યાત્વ છે. જ્ઞાનીને ભોગોમાં સુખબુદ્ધિ નહિ હોવાથી રુચિ ક્યાંથી હોય! વ્યવહારમાં સુખ નથી, વ્યવહારના રાગમાં સુખ નથી છતાં વ્યવહારને નિશ્ચયનું કારણ માનવું એ તો મિથ્યાત્વ છે. લોકોને યથાર્થ તત્ત્વ સમજવું કઠણ પડે છે એટલે સ્વચ્છંદતાથી પોતાની કલ્પનામાં જેમ આવે તેમ માને છે. તેથી ગરબડ કરી નાખે છે.

આ તો વીતરાગનો મારગ છે ભાઈ! તેના મુનિમ થવું એ કાંઈ સાધારણ વાત છે! શું અબજોપતિ શેઠનો મુનિમ કોઈ ૨૫ રૂપિયાના પગારવાળો ઘાંચી હોઈ શકે? એમ, એક સમયમાં ત્રિકાળ જાણનારા અનંતા સર્વજ્ઞ, કેવળીઓ, તીર્થંકરોની વાત કરનારા મુનિમ બહુ જવાબદારીવાળા જોઈએ. વીતરાગમાર્ગની દુકાન ચલાવનારા કોઈ સાધારણ ન હોય. ધર્મધુરંધર હોય તો જ યથાર્થ પ્રરૂપણા કરી શકે.

શ્રોતા :—ખાલી વીતરાગની વાણી વાંચી લેવાથી કામ ન ચાલે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ન ચાલે, અગિયાર અંગ અને નવ પૂર્વ તો અનંતવાર વાંચ્યાં પણ તેથી શું થયું? જે માર્ગના ફળમાં અનંત આનંદ છે અને તે પણ પ્રગટ્યા પછી જેનો ક્ષય થવાનો નથી—સાદિ અનંતકાળ અનંત આનંદ મળવાનો છે એવા ફળના કારણ તો કોઈ અલૌકિક છે.

અહા! જ્ઞાનીને ભોગોની અરુચિ અંદરથી છે કેમ? કે ધર્મીએ પોતાના આત્માના આનંદનો સ્વાદ લીધો છે એ અતીન્દ્રિય આનંદના સ્વાદ આગળ એને દુનિયાનાં ભોગ ઝેર જેવા લાગે છે. આત્માના આનંદનું અને વિષયોના ભોગોનું મિલાન કરે છે તો વિષયો તો ઝેર લાગે છે. જ્ઞાની ચક્રવર્તી છ ખંડના રાજમાં રહે છે એમ કહેવાય છે પણ એ તો પોતાના આત્મામાં રહે છે, છ ખંડમાં રહેતાં નથી. રાગમાં પણ ધર્મી રહેતાં નથી. તો રાજ્યમાં કેમ રહે! સમકિતી રાગમાં કે રાજમાં નહિ પણ આત્મામાં રહે છે. ચક્રવર્તી છ ખંડના રાજ્મમાં રહે છે પણ એમ દેખાય છે તેથી કથનશૈલી પણ એમ આવે છે પણ એ તો અખંડમાં રહે છે. ભરત ચક્રવર્તીની વાત 'ભરતેશ વૈભવ' ગ્રંથમાં આવે છે—પહેલાં હિંદીમાં હતું હવે તેનું ગુજરાતી થઈ ગયું છે. અમે તો બધા ગ્રંથ જોયા છે ને!—તેમાં લખ્યું છે કે ભરત ચક્રવર્તી છ ખંડને જીતવા નિકળ્યા ત્યારે રોજની સેંકડો કન્યાઓ સાથે તેમના લગ્ન થતાં હતા. રાજાઓ પોતાની કન્યા તેમને ભેંટ આપતા હતાં. પણ એ સમકિતી ભરતની શાદી-લગ્ન તો પોતાના સ્વભાવ સાથે થયેલાં હતાં. તેથી વિકલ્પની સાથે શાદી ન હતી તો પરની સાથે શાદી ક્યાંથી થાય! સમજાણું કાંઈ?

तातैं साधक सिद्धसम, करता भुगता नंहि। .....स हि भुक्त एव। તે મુક્ત જ છે. અહા! સમ્યગ્દર્શન શું ચીજ છે અને સમ્યગ્દર્શનનું ધ્યેય શું છે! અલૌકિક વસ્તુ છે તેનું મિલાન લૌકિક દૃષ્ટિ સાથે ન થઈ શકે તેથી કહ્યું છે કે-

ચિન્મૂરત દૃગધારીકી મોહેં રિતિ લગત હૈ અટાપટી;<br>
બાહિર નારકીકૃત દુઃખ ભોગત, અંતર સુખરસ ગટાગટી.

સમકિતી નારકીને તો ચોથુ ગુણસ્થાન છે, પાંચમુ તો છે નહિ છતાં અંતરમાં સુખરસની ગટાગટી છે. પોતાના આનંદ સ્વભાવનો નિશ્ચયથી અનુભવ છે—વેદન છે માટે તે મુક્ત જ છે. અશુદ્ધ પરિણતિની તો જ્ઞાનીને હટાહટી છે. અશુદ્ધ પરિણતિ મારા સ્વરૂપમાં નથી એમ જ્યાં અનુભવ થયો ત્યાં અશુદ્ધ પરિણતિની હટાહટી તો ચાલે જ છે અને નાશ પણ થઈ જશે. પદ્યમાં આગળ આવ્યું ને! अपहारी कर्मरोगको... પુણ્ય-પાપના ભાવ એ રોગ છે એમ ભાસ્યું તો રોગની ઇચ્છા કોને થાય!

આમ, સાધક જીવો સિદ્ધ સમાન છે તેથી કર્મના કર્તા-ભોક્તા નથી માત્ર જ્ઞાતા-દૃષ્ટા છે. એ વાત સિદ્ધ કરી. હવે અજ્ઞાની કેમ કર્મના કર્તા-ભોક્તા છે તેનું કારણ બતાવે છે. ૭મો કળશ છે. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં સમયસારમાં આ વાત લીધી છે કે જેમ વિષ્ણુલોકો ઈશ્વરને જગતનો કર્તા માને છે તેમ જૈનના સાધુ થઈને છ કાયના જીવોની રક્ષા હું કરી શકું છું એમ માને છે તો વિષ્ણુની અને જૈનની બંનેની માન્યાતા એક થઈ. બંને એકસરખા મિથ્યાદૃષ્ટિ થયાં.

ખેરખર દ્રવ્ય તો અનાદિ-અનંત સ્વતઃ સિદ્ધ અસ્તિત્વ ધરાવે છે તેનો કર્તા કોઈ હોઈ શકે નહિ અને પર્યાયનો કર્તા સ્વયં દ્રવ્ય છે. એક દ્રવ્યની પર્યાયને બીજું દ્રવ્ય કરી શકતું નથી. દરેક દ્રવ્ય પોતાથી છે, પરથી નથી. માટે અજ્ઞાની જીવ પરનો કર્તા-ભોક્તા થાય છે તે યથાર્થ નથી. દરેક દ્રવ્ય પોતાના અસ્તિત્વગુણથી છે અને દ્રવ્યત્વગુણના કારણે પરિણમી રહ્યાં છે.

ज्यौं हिय अंध विकल मिथ्यात्व धर,
भृषा सकल विकलप उपजावत।
गहि एकंत पक्ष आतमकौ,
करता भानि अधोमुख धावत।
ज्यौं जिनमती दरब चारित्री,
कर करनी करतार कहावत।
वंछित मुकति तथापि मूढमति,
विन समकित भव पार न पावत॥१०॥

અર્થ :–હૃદયનો અંધ અજ્ઞાની જીવ મિથ્યાત્વથી વ્યાકુળ થઈને મનમાં અનેક પ્રકારના જૂઠા વિકલ્પો ઉત્પન્ન કરે છે અને એકાંતપક્ષનું ગ્રહણ કરીને આત્માને કર્મનો

કર્તા માની નીચગતિનો પંથ પકડે છે. તે વ્યવહાર સમ્યક્ત્વી ભાવચારિત્ર વિના બાહ્યચારિત્રનો પંથ પકડે છે. તે વ્યવહાર સમ્યક્ત્વથી ભાવચારિત્ર વિના બાહ્યચારિત્રનો સ્વીકાર કરીને શુભક્રિયાથી કર્મનો કર્તા કહેવાય છે. તે મૂર્ખ મોક્ષ તો ચાહે છે પરંતુ નિશ્ચય સમ્યક્ત્વ વિના સંસાર સમુદ્રને તરી શકતો નથી.

ज्यौं हिय अंध...જે હૃદયનો અંધ-અજ્ઞાની જીવ મિથ્યાત્વથી વ્યાકુળ થઈને મનમાં અનેક પ્રકારના જૂઠા વિકલ્પ ઊભા કરે છે. હું દયા પાળું, હું બીજાને સમજાવી દઉં, બીજા મારાથી સમજે છે...ઈત્યાદિ અનેક પ્રકારે ખોટાં વિકલ્પો ઊભા કરે છે. છકાયની રક્ષા હું કરી દઉં એમ માને છે તો એ તો છકાયનો કર્તા થયો. વિષ્ણુ ઈશ્વરને કર્તા માને અને આ પોતાને છકાયનો કર્તા માને છે. એમાં કર્તાબુદ્ધિ તો બંનેને સમાન થઈ.

આ કોઈ પક્ષની વાત નથી, વસ્તુના સ્વરૂપની વાત છે. જગતમાં ૩૬૩ મત પાખંડી છે—મિથ્યાદૃષ્ટિ છે—પરના કર્તા પોતાને અથવા ઈશ્વરને માને છે. ગોમ્મટસારમાં તેના ઘણાં ભેદો લખ્યા છે-ક્રિયાવાદી, અક્રિયાવાદી, વિનયવાદી, અવિનયવાદી આદિ તેના ભેદો છે. એ બધાં એકાંતપક્ષની માન્યતા ધરાવીને અધોગતિમાં ચાલ્યા જાય છે પણ અહીં તો જૈન મુનિ થઈને વ્યવહાર ચારિત્ર બરાબર પાળે, પંચમહાવ્રત, સમિતિ બધાનું બરાબર પાલન કરે પણ સાચાં નિશ્ચય ચારિત્ર વિના વ્યવહાર ક્રિયાનો જ કર્તા થાય છે તે મિથ્યાદૃષ્ટિ છે. તેને સાચાં દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા છે તે પણ વ્યવહારથી છે. દ્રવ્યચારિત્રનો કર્તા થાય છે તે ભાવચારિત્ર વિના દ્રવ્યચારિત્ર પાળીને શુભક્રિયાથી કર્મનો કર્તા થાય છે આ શુભક્રિયા એ જ અમારું કર્તવ્ય છે, તે અમારે કરવી જ જોઈએ-એવું તેને મમત્વ અને કર્તૃત્વ છે તેથી તેને કર્મનો કર્તા કહેવાય છે. મોક્ષમાર્ગપ્રકાશકમાં પણ આ વાત આવે છે કે જે કોઈ શુભક્રિયાનો કર્તા થઈને ક્રિયાને પોતાનું કર્મ માને છે તે અજ્ઞાની કર્મનો કર્તા-ભોક્તા છે, તે મુક્તિ ચાહે છે પણ પામતો નથી તે આગળ કહેવાશે. (ક્રમશઃ)

જે સમયે સમ્યક્ત્વની પર્યાય પ્રગટ થાય ત્યારે જ્ઞાનસ્વભાવને જાણે, કાળલબ્ધિને જાણે, ભવિતવ્યને પણ જાણે, પુરુષાર્થને પણ જાણે અને નિમિત્તને પણ જાણે છે. આમ, એક સમયમાં પાંચે સમવાય સાથે જ હોય છે.

—*પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ | : | જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : | પરમાગમ શ્રી પંચાસ્તિકાય ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર શાસ્ત્ર-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૩૦ થી ૮-૩૦ | : | શ્રી સમયસાર કળશ-ટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ પ્રવચન |

**શ્રી સીમંધર-જિનમંદિર-અષ્ટાહ્નિકા-મહોત્સવ :—**સુવર્ણપુરીના શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિરનો ૬૭મો વાર્ષિક અષ્ટાહ્નિક ઉત્સવ તા. ૧૨-૨-૨૦૦૭, સોમવારથી તા. ૧૯-૨-૨૦૦૭, (ફાલ્ગુન સુદ ૨) સોમવાર સુધી છે. આ ઉત્સવ વીસ વિહરમાન જિનમંડલવિધાન, જિનેન્દ્રભક્તિ તથા તત્ત્વજ્ઞાનની ઉપાસના આદિ વિભિન્ન કાર્યક્રમપૂર્વક ઊજવવામાં આવશે.

**ફાલ્ગુની નંદીશ્વરી-અષ્ટાહ્નિકા :—**સુવર્ણપુરીના શ્રી પંચમેરુ-નંદીશ્વરજિનાલયમાં તા. ૨૪-૨-૨૦૦૭, શનિવારથી તા. ૩-૩-૨૦૦૭, શનિવાર સુધી ફાગણ માસની નંદીશ્વર-અષ્ટાહ્નિકા, શ્રી પંચમેરુ-નંદીશ્વર વિધાનપૂજા વગેરે કાર્યક્રમપૂર્વક ઊજવવામાં આવશે.

**શ્રી પંચમેરુ-નંદીશ્વરજિનાલય વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ :—**શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયના વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ ફાગણ સુદ ૩, મંગળવાર, તા. ૨૦-૨-૨૦૦૭ થી તા. ૨૩-૨-૨૦૦૭ સુધી આનંદોલ્લાસસહ પૂજાભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

**પરમાગમમંદિર–પ્રતિષ્ઠાતિથિ :—**ફાગણ સુદ ૧૩, ગુરુવાર, તા. ૧-૩-૨૦૦૭ના દિવસે શ્રી મહાવીર-કુંદકુંદ દિ. જૈન પરમાગમમંદિરમાં પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

## સુરેન્દ્રનગરમાં મંદિર-ધ્વજ-કળશ-પ્રતિષ્ઠા તથા નવનિર્મિત શ્રી પાર્શ્વનાથ ભગવાનનો વેદી પ્રતિષ્ઠા મહોત્સવ સાનંદ સંપન્ન

સ્વાનુભવમુદ્રિત શુદ્ધ અધ્યાત્મમાર્ગપ્રકાશક પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના ધર્મોપકાર પ્રતાપે સુરેન્દ્રનગરમાં શ્રી દિગંબર જૈન સંઘ–સુરેન્દ્રનગર દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીનાં પવિત્ર કરકમળે સુપ્રતિષ્ઠિત શ્રી શાંતિનાથ દિગંબર જિનમંદિરનું પુનઃનિર્માણ કરવામાં આવ્યું છે. આ પુનઃનિર્મિત શ્રી શાંતિનાથ દિગંબર જિનમંદિરમાં મંદિર-ધ્વજ-કળશ પ્રતિષ્ઠા તથા શ્રી પાર્શ્વનાથ

ભગવાનનો વેદી પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૨૯-૧-૨૦૦૭ થી તા. ૩૧-૧-૨૦૦૭ સુધી ત્રણ દિવસ દેશ-વિદેશથી પધારેલ લગભગ ૨૦૦૦ મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં ભક્તિ ઉલ્લાસમય વાતાવરણમાં સાનંદ સંપન્ન થયો. આ મહોત્સવમાં સ્વાનુભૂતિ તીર્થ શ્રી સુવર્ણપુરીની ૪૦૦ ચો. ફૂટની અતિ ભવ્ય વિશાળ રચના જેમાં સીમંધરસ્વામી જિનમંદિર, શ્રી સમવસરણ, શ્રી માનસ્તંભ, શ્રી પરમાગમમંદિર, શ્રી નંદીશ્વર જિનાલય તથા શ્રી સ્વાધ્યાયમંદિર આદિ આયતનોની વિશાળ રચના ભારતવર્ષમાં સૌ પ્રથમ વખત નિર્માણ કરેલ છે. આ પ્રસંગે જિનવાણી સંસ્થાપન, કહાનગુરુ પ્રતિકૃતિ સંસ્થાપન તથા વિભિન્ન ચિત્રોનું અનાવરણ કરવામાં આવેલ.

આ પ્રતિષ્ઠાના સમગ્ર વિધિ-વિધાન પૂજ્ય ગુરુદેવશ્રીના અંતેવાસી પ્રતિષ્ઠાચાર્ય બ્ર. શ્રી ચંદુલાલભાઈ ઝોબાળિયા, ઉપપ્રતિષ્ઠાચાર્ય બ્ર. શ્રી વ્રજલાલભાઈ શાહ, શ્રી પ્રકાશભાઈ જૈન, શ્રી સુભાષભાઈ શેઠ તથા શ્રી રમેશભાઈ મહેતા દ્વારા કરાવવામાં આવેલ.

❀ શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિર શિવપુરીમાં શ્રી યાગમંડલ વિધાન, શ્રી સિદ્ધચક્ર મંડલ વિધાન, શ્રી મંગલ કલશારોહણ, જૈન ધાર્મિક પ્રવચન, સ્વાધ્યાય તથા ચતુર્થ વાર્ષિક રથયાત્રા વગેરે કાર્યક્રમ તા. ૧-૧-૨૦૦૭ થી તા. ૯-૧-૨૦૦૭ સુધી રાખવામાં આવેલ. ઉપરોક્ત બધા કાર્યક્રમ વિદ્વાન શ્રી રમેશભાઈ મહેતા (સલાલવાળા) તથા પ્રમોદભાઈ ખંડવાના સાનિધ્યમાં ધાર્મિક ઉત્સાહના વાતાવરણમાં સાનંદોલ્લાસ સંપન્ન થયા.

❀ મુંબઈ શહેરના ઉપનગર વસઈ રોડમાં મૂળનાયક શ્રી મહાવીરસ્વામી આદિ જિનબિંબોની પ્રતિષ્ઠાના દશવર્ષીય મંગલ મહોત્સવના ઉપલક્ષમાં શ્રી ઉપનગર દિગંબર જૈન મુમુક્ષુમંડળ (મલાડ) અંતર્ગત શ્રી કુંદકુંદ-કહાન દિગંબર જૈન સંઘ, વસઈ રોડ દ્વારા તા. ૨૧-૧-૨૦૦૭ થી તા. ૨૩-૧-૨૦૦૭ સુધી પંચ-પરમેષ્ઠી મંડલ વિધાન પૂજા, પુરાણ-ચિત્રપટોના અનાવરણ, શ્રી જિનેન્દ્ર રથયાત્રા, અધ્યાત્મજ્ઞાન શિબિર તથા પૂજ્ય ગુરુદેવશ્રીના સીડી પ્રવચન વગેરે ધાર્મિક કાર્યક્રમ વિદ્વાન શ્રી સુભાષભાઈ શેઠ, વાંકાનેરના સાનિધ્યમાં સાનંદ સંપન્ન થયા.

❀ શ્રી હૈદ્રાબાદ દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ દ્વારા હૈદ્રાબાદમાં તા. ૨૧-૧-૨૦૦૭ થી તા. ૨૩-૧-૨૦૦૭ સુધી શ્રી સુપાર્શ્વનાથ, શ્રી પાર્શ્વનાથ અને શ્રી મહાવીર ભગવાનની વેદી પ્રતિષ્ઠાના મંગલ મહોત્સવનું આયોજન કરવામાં આવેલુ. આ મહોત્સવના વિધિ-વિધાન શ્રી રમેશભાઈ મહેતા (સલાલવાળા) તથા પ્રકાશભાઈ જૈન, મલાડના સાનિધ્યમાં સાનંદોલ્લાસ સંપન્ન થયા.

❀ શ્રી કુંદકુંદ-કહાન દિ. જૈન મુમુક્ષુ મંડલ પાર્લા-સાન્તાક્રુઝ અંતર્ગત ભગવતી પ્રજ્ઞા મહિલા મંડળ દ્વારા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૭૫મી અમૃત વાર્ષિક 'સમ્યક્ત્વજયંતી'ના ઉપલક્ષમાં તા. ૪-૨-૨૦૦૭ થી તા ૧૧-૨-૨૦૦૭ સુધી પાર્લામાં સિદ્ધચક્ર વિધાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ બ્ર. શ્રી વજુભાઈ શાહ, શ્રી સુભાષભાઈ શેઠ તથા શ્રી પ્રમોદભાઈ ખંડવાના સાનિધ્યમાં અતિ ઉત્સાહપૂર્વક સાનંદ સંપન્ન થયો.

❀ **ગુરુ-જન્મજયંતી મહોત્સવ** :–સ્વાનુભૂતિમૂલક અધ્યાત્મમાર્ગ પ્રકાશક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ૧૧૮મો મંગલ જન્મજયંતી મહોત્સવ શ્રી દિગંબર જૈન મુમુક્ષુમંડળ સુરત તરફથી તા. ૧૫-૪-૨૦૦૭ રવિવારથી તા. ૧૯-૪-૨૦૦૭ ગુરુવાર પાંચ દિવસ સુધી સોનગઢમાં ઉજવવામાં આવશે. (આની વિશેષ સૂચના આગામી અંકમાં આપવામાં આવશે.) આ મહોત્સવની નિમંત્રણ-પત્રિકાની લેખન વિધિ સોનગઢમાં સમ્યક્ત્વજયંતીના અવસર પર રાખવામાં આવી છે. ✲ ✲ ✲

## વૈરાગ્ય સમાચાર :—

સુરેન્દ્રનગરનિવાસી નિર્મળાબેન રમણીકલાલ શાહ તા. ૫-૧૧-૦૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સુરેન્દ્રનગરનિવાસી (હાલ અમદાવાદ) સુશીલાબેન મનહરલાલ પારેખ (વર્ષ–૭૮) તા. ૧૬-૧૨-૦૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

લીમડીનિવાસી (હાલ કાંદીવલી) શ્રી કાંતિભાઈ હરિલાલ શાહ (વર્ષ–૮૫) તા. ૩૦-૧૨-૦૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ બહુ જ તત્ત્વરસિક હતા; બહુ જૂના અનુયાયી હતા.

ચિત્તલનિવાસી (હાલ સોનગઢ) જયાકુંવરબેન મયાચંદભાઈ શાહ–કલકત્તા (વર્ષ–૯૮) તા. ૧-૧-૦૭ના રોજ સોનગઢ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ વર્ષો સુધી સોનગઢ સ્થાયી રહીને તત્ત્વજ્ઞાનનો ઘણો લાભ લીધો હતો.

ભુપતરાય પારસરામ શાહ તા. ૭-૧-૦૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

રાજકોટનિવાસી મનોરમાબેન પ્રવિણચંદ્ર કોઠારી તા. ૨૭-૧-૦૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

વેડછાનિવાસી શ્રી જયંતિભાઈ ત્રિભોવનદાસ શાહ (વર્ષ–૮૦) તા. ૧૦-૨-૦૭ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના. ❑ ❑ ❑

## Celebration of 118th Janma Jayanti of Pujya Gururdev and four days Adhyatmik Shibir in USA.

Please visit WWW.ATMA-DARSHAN.ORG Website. Click on News Letter **January-February 2007** to read latest News Letter of ``Jain Swadhyay Mandir Songadh in USA"

Four days Adhyatmik Shibir and Celebration of 118th Janma Jayanti of Pujya Gururdev in USA has been organized by above Non-Profit Adhyatmik organization in USA, From May 25 to 28, 2007 at Tampa, Florida.

Above web site gives detailed information about activities of this organization in North America

For further information, please contact : Hasmukh M. Shah, President : Jain Swadhyay Mandir Songadh in USA.

Email : Kahanguru@gmail.com

ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૭૫મો અમૃત

# સમ્યક્ત્વજયંતી-મહોત્સવ

ભવાંતકારી તેમ જ સ્વાનુભવમુદ્રિત કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનનો અનુપમ માર્ગ બતાવી જેમણે આપણા પર અનંત ઉપકાર કર્યો છે એવા આપણા પરમ તારણહાર પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો "ભાવિ તીર્થંકરદ્રવ્યરૂપ" સાતિશય મહિમા પ્રકાશિત કરવાવાળાં ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૭૫મીં અમૃત વાર્ષિક 'સમ્યક્ત્વજયંતી' આગામી તા. ૧૪-૩-૨૦૦૭ બુધવાર (ફાગણ વદ-૧૦)ના રોજ છે. "સમ્યક્ત્વ-જયંતીનો આ મંગળ મહોત્સવ ૧૦-૩-૨૦૦૭ શનિવારથી તા. ૧૪-૩-૨૦૦૭ બુધવાર—પાંચદિવસ સુધી, શ્રી 'ત્રિલોક અકૃત્રિમ-જિનાલય પૂજા' પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના સમ્યક્ત્વમહિમાભરપૂર આધ્યાત્મિક સી.ડી. પ્રવચન, દેવ-ગુરુ-ભક્તિ, યાત્રાની વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીનાં પાવન દર્શન, પૂજ્ય બહિનશ્રીની સ્વાનુભવરસભરી વિડિયો ધર્મચર્ચા, ધાર્મિક શિક્ષણવર્ગ વગેરે અનેકવિધ રોચક કાર્યક્રમ સહ સમ્યક્ત્વ-જયંતી-મહોત્સવ તરીકે શ્રી કુંદકુંદ-કહાન દિ. જૈન મુમુક્ષુમંડળ ટ્રસ્ટ, પાર્લા-સાંતાક્રુઝ (મુંબઈ) દ્વારા અતિ આનંદોલ્લાસ સાથે સોનગઢમાં ઉજવવામાં આવશે. સમ્યગ્દર્શનની મહિમાના આ સ્વર્ણિમ શુભ-અવસર પર સમસ્ત મુમુક્ષુસમાજને સોનગઢ પધારવાનું અમારૂં ભાવભીનું નિમંત્રણ છે.

[ નિમંત્રણ પત્રિકાની લેખનવિધિ તા. ૨-૨-૨૦૦૭ શુક્રવારે સોનગઢમાં લગભગ ૪૦૦ મુમુક્ષુઓની ઉપસ્થિત્માં સાનંદ સંપન્ન થઈ હતી. ]

*નિમંત્રક*

*શ્રી કુંદકુંદ-કહાન દિ. જૈન મુમુક્ષુ મંડળ ટ્રસ્ટ,*
*પાર્લા-સાંતાક્રુઝ (મુંબઈ)*

આત્મધર્મ
ફેબ્રુઆરી-૨૦૦૭
અંક-૬ * વર્ષ-૧

Registered Regn. No. BVR-367/2006-2008
Renewed upto 31-12-2008
RNI Registration No. ..................
વાર્ષિક લવાજમ રૂા. ૯ આજીવન લવાજમ રૂા. ૧૦૧

# એક જ્ઞાયકભાવ તે જ નિશ્ચય આત્મા

એક જ્ઞાયકભાવ તે જ નિશ્ચય આત્મા અને તે જ્ઞાયકભાવમાં મુનિની પર્યાય, કેવળજ્ઞાનની પર્યાય અને સિદ્ધની પર્યાયનો અભાવ! મોક્ષ અને મોક્ષના માર્ગની પર્યાયને કરે નહીં તે જ્ઞાયકભાવ! આહાહાહા! પર્યાય પર્યાયને કરે! કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે કે સિદ્ધની પર્યાય ઉત્પન્ન થાય છે એ પર્યાય ષટ્કારકથી પરિણમતી પોતાથી ઉત્પન્ન થાય છે. જેને દ્રવ્યની અપેક્ષા નથી! આહાહા! સમજાણું કાંઈ! પ્રવચનસારમાં આવે છે કે વિકારમાં ષટ્કારક છે તે સ્વતંત્ર છે. *–પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

Printed & published by Chimanlal Thakarshi Modi on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor Hiralal Bhikhalal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662